પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૬૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૭-૧૧-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### હિમાચલ પ્રદેશની ચૂંટણી માટે ભાજપે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

## ભાજપ સરકાર રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ લાવશે : ૮ લાખથી વધુ રોજગારીની તકો પૂરી પાડશે

શિમલા,

હિમાચલ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ બાદ હવે ભાજપે પણ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. ચૂંટણી ઢંઢેરો બહાર પાડતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે અમે અગાઉ આપેલા વચનો પૂરા કર્યા છે. તેમણે કહ્યું કે ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ હિમાચલમાં ૨૮ લાખ લોકોને લાભ મળ્યો છે. જેપી નડ્ડાએ વધુમાં જણાવ્યું હતું કે, “સ્વચ્છ ભારતે ૨ લાખ પરિવારોને સ્વચ્છતા સાથે જોડ્યા છે. આવાસ યોજના દ્વારા હજારો લોકોને પાકાં મકાનો મળી રહ્યા છે. આયુષ્માન યોજના સાથે ૫ લાખ ૩૦ હજાર પરિવારો જોડાયેલા છે.” જેપી નડ્ડાએ એમ પણ કહ્યું કે અમે ઘણી એવી વસ્તુઓ આપી છે જેના વિશે અમે ક્યારેય કહ્યું નથી.

ભાજપે પોતાના મેનિફેસ્ટોનું નામ ‘સંકલ્પ પત્ર’ રાખ્યું છે. બીજેપી પ્રમુખ જેપી નડ્ડાએ કહ્યું, “આ ‘સંકલ્પ પત્ર’ ૧૧ પ્રતિબદ્ધતાઓ પર આધારિત છે. આ પ્રતિબદ્ધતાઓ સમાજમાં એકરૂપતા લાવશે, યુવાનો અને ખેડૂતોને સશક્ત બનાવશે, બાગાયતને મજબૂત બનાવશે, સરકારી કર્મચારીઓને ન્યાય આપશે અને ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપશે.”

જેપી નડ્ડાએ કહ્યું કે ભાજપ સરકાર રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાવશે. આ હેતુ માટે નિષ્ણાતોની એક સમિતિ બનાવવામાં આવશે અને તેના અહેવાલના આધારે રાજ્યમાં યુસીસી લાગુ કરવામાં આવશે. જેપી નડ્ડાએ કહ્યું કે ભાજપ સરકાર તબક્કાવાર ૮ લાખથી વધુ રોજગારીની તકો પૂરી પાડશે. જેમાં સરકારી નોકરીઓ અને આર્થિક ક્ષેત્રમાં ચાલી રહેલા કામનો સમાવેશ થશે.

તમામ ગામોને પાકા રસ્તાથી જોડવામાં આવશે

જેપી નડ્ડાએ કહ્યું કે અમે અહીં ૫ નવી મેડિકલ કોલેજો ખોલીશું. આરોગ્ય માળખાને ધ્યાનમાં રાખીને અને પ્રાથમિક આરોગ્યને વધુ મજબૂત બનાવવા માટે, દરેક વિધાનસભા મતવિસ્તારમાં મોબાઈલ ક્લિનિક્સની સંખ્યા બમણી કરવામાં આવશે જેથી દૂરના લોકોને સ્વાસ્થ્ય લાભો મળી શકે.

હિમ સ્ટાર્ટ હવે યુવાનો માટે યોજના ચલાવશે. ૯૦૦૦ કરોડનું

> **ચૂંટણી ઢંઢેરો બહાર પાડતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે અમે અગાઉ આપેલા વચનો પૂરા કર્યા છે.**

ફંડ હશે. યુવાનોને સ્ટાર્ટ અપમાં સામેલ કરવામાં આવશે.

ભાજપ સરકાર એક કાર્યક્રમ ‘શક્તિ’ શરૂ કરશે જે અંતર્ગત ૧૦ વર્ષના સમયગાળામાં ધાર્મિક સ્થળો અને મંદિરોની આસપાસ.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહનના વિકાસ માટે ૧૨,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. તેઓ ‘હિમતીર્થ’ સર્કિટ સાથે જોડાયેલા હશે.

સફરજન ઉત્પાદકો માટે પેકેજિંગ માટે જીએસટી રાહત.

વકફ મિલકતનો સર્વે કરવામાં આવશે. ન્યાયિક પંચ હેઠળ વકફ મિલકતોની તપાસ કરવામાં આવશે અને તેનો ગેરકાયદેસર ઉપયોગ અટકાવવામાં આવશે.

શહીદ સૈનિકોના પરિવારોને એક્સ-ગ્રેશિયા પેમેન્ટમાં વધારો કરવામાં આવશે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ સાથે ખેડૂતોને વધારાના ૩ હજાર રૂપિયા મળશે.

## ગુજરાતમાં પક્ષ અને ઉમેદવારોના નામ પર રૂ. ૧૦૦ કરોડથી વધારાનો સટ્ટો ખેલાશે

અમદાવાદ,

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતા રાજકીય માહોલમાં ગરમાવો આવી ગયો છે. આ સાથે કેટલાંક બુકીઓએ પોલીટીકલ સટ્ટાની લાઈન ઓપન કરી છે. જેમાં આજથી ક્યા ઉમેદવારને ટિકિટ મળી શકે છે? તેને લઈ સટ્ટોડિયાઓ પાસે સટ્ટો બુક કરવાનું શરૂ કર્યુ છે. આ સટ્ટામાં હાલના મંત્રી મંડળમાં રહેલા ધારાસભ્યોને રિપીટ કરાશે કે નહી? તેમજ ક્યાં સંભવિત નવા ચહેરાને તક મળી શકે છે? તે બાબતો પર સટ્ટો રમાઈ રહ્યો છે.ગુજરાત વિધાનસભાના જંગમાં પ્રથમવાર ઝંપલાવી રહેલી આમ આદમી પાર્ટીને કારણે ગુજરાતમાં રાજકીય ગરમાવો છે. માત્ર કોંગ્રેસને જ નહી પણ ભાજપને પણ આમ આદમી પાર્ટીને મળી રહેલા લોકોના પ્રતિભાવને લીધે ચિંતા છે. ત્યારે આ વિધાનસભાની ચૂંટણીમાં ક્યા પક્ષને કેટલી બેઠકો મળશે? કઈ બેઠકો ગુમાવવી પડશે? હાલના ધારાસભ્યોમાંથી કોની ટિકિટ કપાશે? જેવી બાબતોની ચર્ચા સૌથી વધારે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અમદાવાદ, સુરત, રાજકોટ, ગાંધીધામ, પાલનપુર, મહેસાણાના ઉંઝાના બુકીઓએ રાજકીય સટ્ટાની નવી લાઈન ખોલી છે. જેમા સટ્ટોડિયાઓ માટે સટ્ટાના પ્રથમ રાઉન્ડમાં ક્યા ઉમેદવારની ટિકિટ કપાઈ શકે છે? ક્યા નવા ઉમેદવારને તક મળી શકે છે? તેને લઈને સટ્ટો શરૂ કર્યો છે. જેમાં વડોદરામાં રાજેન્દ્ર ત્રિવેદીની ટિકિટ ફાળવણી માટે ૧૫ પૈસાનો ભાવ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા પર માત્ર પાંચ પૈસા, હર્ષ સંઘવીની શક્યતા ૪૫ પૈસા, રાજકોટમાં મોટાભાગના હાલના ધારાસભ્યો પર વધુ ૨૦ પૈસાનો ભાવ ચાલી રહ્યો છે. ગોંડલની બેઠક પર રાજકીય વિવાદને કારણે ત્યાંનો સટ્ટો બુકીઓ ટાળી રહ્યા છે. જો કે કોંગ્રેસના ઉમેદવારો પર સટ્ટોડિયાઓ નાણાં લગાવવાનું ટાળી રહ્યા છે.અમદાવાદ સ્થિત બુકીએ જણાવ્યું કે ઉમેદવારોના નામ જાહેર થયા બાદ બેઠકોની જીતની સંભાવના પર સટ્ટો ખોલવામાં આવશે. જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પૈકી કઈ પાર્ટીને કેટલી બેઠકો પર જીત મળી શકે છે? તેના પર સટ્ટો રમાશે. સામાન્ય રીતે ક્રિકેટ પર ચાલતા સટ્ટાની સાથે જ આ સટ્ટાની લાઈન ખોલવામાં આવી છે. જો કે ઉમેદવારોના નામની યાદી, પક્ષ પલ્ટાની સ્થિતિને ધ્યાનમાં લઈને આ ટ્રેન્ડ બદલાઈ શકે છે.

એક અંદાજ મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સટ્ટોડિયાઓ રૂપિયા ૧૦૦ કરોડથી વધારેનો સટ્ટો રમી શકે છે. બુકીઓ માને છે કે ક્રિકેટના ટ્રેડીશનલ સટ્ટાથી આ સટ્ટો અલગ છે અને તેને રમનારો વર્ગ અલગ છે.

### તિરુમાલા મંદિર ટ્રસ્ટ પાસે રૂ ૨.૨૬ લાખ કરોડની જંગી સંપત્તિ

## ૨ લાખ કરોડના માર્કેટભાવની દેશભરમાં ૭,૧૨૩ એકર જમીન મંદિર ટ્રસ્ટ શ્વેતપત્ર જારી કર્યું

તિરુપતિ,

હિન્દુ મંદિરોના વિશ્વના સૌથી મોટા ટ્રસ્ટ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમની સંપત્તિ આશરે રૂ. ૨.૨૬ લાખ કરોડ છે. આ ટ્રસ્ટ તિરુમાલા ખાતેના પ્રતિષ્ઠિત ભગવાન વેંકટેશ્વર મંદિર અને દેશભરમાં આશરે પાંચ ડઝન અન્ય મંદિરોનું સંચાલન કરે છે.ભગવાન વેંકટેશ્વર વિશ્વના સૌથી ધનિક હિન્દુ દેવતા પણ છે. ૧૯૩૩માં બ્રિટિશ સરકારે સ્થાપેલું તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ હવે દેશનું એક સૌથી વધુ પ્રોફેશનલ મંદિર ટ્રસ્ટો તરીકે ઉભર્યું છે.



ટ્રસ્ટના રોકાણ અને થાપણો પર શ્વેતપત્ર બહાર પાડ્યા પછી તેના એક્ઝિક્યુટિવ ઓફિસર એ વી ધર્મા રેડ્ડીએ જણાવ્યું હતું કે મંદિર ટ્રસ્ટની કુલ સંપત્તિ આશરે રૂ.૨.૨૬ લાખ કરોડ થઈ છે. ૨૦૧૯માં વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોમાં ફિક્સ્ડ ડિપોઝિટના સ્વરૂપમાં TTDનું રોકાણ રૂ.૧૩,૦૨૫ કરોડ હતું. કોવિડ-૧૯ રોગચાળાના પડકારો છતાં આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં બેંક એફડીમાં ટ્રસ્ટનું રોકાણ વધી રૂ. ૧૫,૯૩૮ કરોડ થયું છે. છેલ્લા ત્રણ વર્ષમાં અમે તમામ અવરોધો સામે બેંક એફડીમાં અમારા રોકાણમાં રૂ.૨,૯૦૦ કરોડનો વધારો કરી શક્યા છીએ.’

ધર્મા રેડ્ડીએ જણાવ્યું હતું કે ’મને હજુ પણ યાદ છે કે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન કેટલાક સ્થાપિત હિતોએ TTDની નાણાકીય સુદ્ધરતા પર સવાલ ઉઠાવ્યા હતા અને જણાવતા હતા કે મંદિર ટ્રસ્ટ ફિક્સ ડિપોઝિટ તોડ્યા વિના કર્મચારીઓના પગાર ચૂકવી શકશે નહીં. પરંતુ આજે અમે આરામથી પગાર ચૂકવ્યા પછી અને અમારા તમામ ખર્ચને પહોંચી વળ્યા પછી એફડીમાં રૂ.૨૯,૦૦ કરોડનો વધારો કરી શક્યા છે, જે ટીટીડીની નાણાકીય કુનેહ દર્શાવે છે.’

બીજી તરફ મંદિર ટ્રસ્ટને ખાસ કરીને છેલ્લા ત્રણ વર્ષમાં ભક્તો તરફથી નોંધપાત્ર સોનાનું દાન મળતું રહ્યું છે. આજે કેન્દ્રની ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમમાં ટીટીડીની એકંદર સોનાની થાપણો ૧૦.૨૫ ટન છે. ૨૦૧૯માં TTD પાસે માત્ર ૭.૩ ટન સોનાની થાપણો હતી અને મંદિર ટ્રસ્ટ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમમાં વધુ ૨.૯ ટન કિંમતી ધાતુનો ઉમેરો કરી શક્યું છે. વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોમાં ટીટીડીની સોનાની થાપણોનું કુલ મૂલ્ય આશરે રૂ.૫,૩૦૯ કરોડ છે. મંદિર ટ્રસ્ટને અત્યાર સુધી વ્યક્તિગત દાતાઓ પાસેથી જમીન દાનમાં મળતી હતી, પરંતુ હવે વિવિધ રાજ્ય સરકારો પણ ભગવાન વેંકટેશ્વર મંદિરોના નિર્માણ માટે પણ મૂલ્યવાન જમીનની ફાળવણી કરી રહી છે. આજે ટીટીડી પાસે દેશભરમાં ૭,૧૨૩ એકર જમીન પણ છે. ટીટીડીની પ્રોપર્ટીનું સબ-રજિસ્ટ્રાર મૂલ્ય રૂ. ૮૫,૭૦૫ કરોડ આંકવામાં આવ્યું છે, પરંતુ તેનું બજાર મૂલ્ય રૂ.૨ લાખ કરોડથી વધુ હોવાનો અંદાજ છે. તિરુમાલા અને તિરુપતીમાં ગેસ્ટ હાઉસ, કોટેજ, યાત્રાળુ સુવિધાઓ સંકુલ અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના રૂપમાં બિલ્ડિંગો અને બીજી ફિકસ્ડ એસેટનુ મૂલ્ય અંદાજે રૂ.૫,૦૦૦ છે.

## ગુજરાત કોંગ્રેસનો મોટો આરોપ, ‘ભાજપે ૨૭ વર્ષમાં એક પણ નવી સરકારી શાળા કે હોસ્પિટલ બનાવ્યા નથી’

અમદાવાદ,

ગુજરાત કોંગ્રેસનાં નેતા ભરતસિંહ સોલંકીએ ભાજપ સામે અનેક પ્રહાર કર્યા છે. આજે તેમણે ગુજરાત ચૂંટણી પહેલા કોંગ્રેસએ ભાજપ સામે તોહમતનામુ બહાર પાડ્યું છે. તેમણે ૨૦ મુદ્દાઓનું આરોપનામું જનતા સામે મુક્યું હતુ. સરકારની વિવિધ નિષ્ફળતાઓ ગણાવીને તેમની પર આરોપ લગાવવામાં આવ્યા છે.

ગુજરાત કોંગ્રેસે ભાજપ સરકારની નિષ્ફળતાઓને રજુ કરતું તહોમતનામાં અંગે વિશેષ પત્રકાર પરિષદ કરી હતી. આમાં ભ્રષ્ટાચાર સાથે બેરોજગારી અને મોરબીની દુર્ઘટનાનો પણ સમાવેશ કર્યો હતો. ગુજરાત કોંગ્રેસે જણાવ્યું કે, ગુજરાત સરકાર સામે અમે સત્તાવાર આંકડાના આધારે તોહમતનામું રજૂ કરી રહ્યા છીએ. ૨૭ વર્ષ થી ભાજપનું શાસન છે એ પહેલા કોંગ્રેસનું શાસન હતું. કોંગ્રસના શાસનમાં તમામ સરકારી નવી શાળાઓ બનાવી છે. અત્યારની તમામ ૧૯૯૫ સુધીની સરકારી શાળાઓ કોંગ્રેસે બનાવી છે.

તેમણે વધુમાં જણાવ્યુ કે, ભાજપે એક પણ સરકારી શાળા બનાવી નથી. ઉલટાની ભાજપ સરકાર દ્વારા બંધ કરાવાઈ છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, તમામ સરકારી દવાખાનાઓ કોંગ્રેસે બનાવ્યા છે. ભાજપ દ્વારા એક પણ સરકારી દવાખાના બનાવાયા નથી. તમામ મેડિકલ કોલેજ પણ કોંગ્રેસ દ્વારા બનાવાઈ છે. ભાજપ દ્વારા બનાવાઈ નથી. જે ફી ભરવી પડે તે કામ ભાજપ દ્વારા કરવામાં આવ્યા છે. ૨૭ વર્ષમાં ભાજપ ગુજરાતને અધોગતિ તરફ લઈ ગયા છે.

૨૦ મુદ્દાઓનું ભાજપ સામેનું આરોપનામું કોંગ્રેસ જનતા સમક્ષ મુક્યું છે. તેમમે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિત ૨૦ મુદ્દાઓનું આરોપનામું જનતા સામે મુક્યું છે. મોરબીના ઝૂલતા પુલની દુર્ઘટનાનો આરોપનામામાં સમાવેશ કરવામાં આવ્યો છે. બોટાદના કથિત લઠ્ઠાકાંડનો પણ કોંગ્રેસે આરોપનામામાં સમાવેશ કર્યો છે.

આ સાથે શિક્ષણ, આરોગ્યની અયોગ્ય સુવિધાઓને ભાજપ સરકાર સામે કોંગ્રેસના આરોપનામામાં સમાવેશ કર્યો છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે આરોપનામાં સમાવેશ કરાયો છે.વિધાનસભાની ચૂંટણીના પ્રચારના ભાગ સ્વરૂપે કોંગ્રેસ ભાજપ સરકાર સામે ચાર્જશીટ પ્રજા સમક્ષ મૂકી છે.

## કાશી સ્ટેશનની કાયાકલ્પ કરવામાં આવશે, મંદિરોની સંસ્કૃતિને ધ્યાનમાં રાખી ડિજાઈન તૈયાર કરાશે : અશ્વની વૈષ્ણવ

લખનૌ,

ભાજપ નેતા અને રેલમંત્રી અશ્વની વૈષ્ણવે કહ્યું છે કે ધાર્મિક નજરથી મહત્વપૂર્ણ કાશી રેલવે સ્ટેશનનું રિડેવલપમેન્ટ કરવામાં આવશે.તેમણે કહ્યું કે તેની ડિજાઈન કાશીના ધાર્મિક અને મંદિરોની સંસ્કૃતિને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવશે.રેલ મંત્રીએ કહ્યું કે ૩૫૦ કરોડ રૂપિયાના ખર્ચે સ્ટેશનનું રિડેવલપમેન્ટ કરવાથી નાણાંકીય ગતિવિધિઓને પણ પ્રોત્સાહન મળશે.વૈષ્ણવે પોતાના વારાણસી પ્રવાસના બીજા દિવસે કાંશી સ્ટેશન અને રાજઘાટ પુલની સમીક્ષા કરી હતી.

રેલમંત્રીએ કહ્યું કે સ્ટેશનની ડિજાઈન કાશીના ધાર્મિક અને મંદિરોની સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે તેમણે કહ્યું કે કાશી સ્ટેશનને વોટર અને એયર રૂટથી જોડવાની પણ તૈયારી છે.તેની ડિજાઈન પર કામ ચાલી રહ્યું છે ડિજાઈન નક્કી થયા બાદ વડાપ્રધાનથી મંજુરી લઈ કામ શરૂ કરવામાં આવશે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ઈનલૈડ વોટર વે પીએમ નરેન્દ્ર મોદીની સંકલ્પના છે.તેમણે કહ્યું કે ઈનલૈડ વોટર વેની જેટીને પણ કાશી સ્ટેશનથી જોડવામાં આવશે જેમાં અઢીથી ત્રણ વર્ષનો સમય લાગશે

મંત્રીએ રાજઘાટ ખાતે માલવીય પુલના નિરીક્ષણ દરમિયાન કહ્યું કે આ પુલની જગ્યાએ હવે ગંગા પર નવો પુલ બનાવવામાં આવશે આ પુલ પર રેલવેની ચાર લાઈન અને તેની ઉપર રાજમાર્ગના છ લેન બનશે ગત આઠ વર્ષોના વિકાસની દેશ છે કે રેલવેમાં હવે ૧૨ કિલોમીટર પ્રતિદિનના હિસાબથી પાટા બિછાવવામાં આવી રહી છે. જયારે નવી પટારિયા બિછાયા બાદ નવી ટ્રેન ચાલશે.

## જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો પાછો આપવા પર વિચાર કરી રહી છે મોદી સરકાર : નાણામંત્રી નિર્મલા સીતારમણ



તિરુવનંતપુરમ,

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે શનિવારે સંકેત આપ્યો હતો કે કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા પર વિચાર કરી શકે છે. ૧૪મા નાણાપંચની ભલામણો અનુસાર કેન્દ્ર દ્વારા રાજ્યોને ભંડોળના વિતરણ વિશે માહિતી આપતી વખતે સીતારમણે આ સંકેત આપ્યો હતો. અહીં કેન્દ્ર-રાજ્ય સંબંધો પર પ્રવચન આપતાં, સીતારામને કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪-૧૫માં ૧૪મા નાણાં પંચની ભલામણને સ્વીકારી હતી કે રાજ્યોએ તમામ ટેક્સના ૪૨ ટકા ચૂકવવા જોઈએ. નાણામંત્રીએ કહ્યું, ’તે નાણાં પંચે કહ્યું હતું કે હવે તમે તેને વધારીને ૪૨ ટકા કરો. એટલે કે કેન્દ્રના હાથમાં પૈસા ઓછા હશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાણાપંચની ભલામણને બિલકુલ ખચકાટ વિના સ્વીકારી લીધી અને તેથી જ આજે રાજ્યોને ૪૨ ટકા ભંડોળ મળે છે. જમ્મુ-કાશ્મીરને ૪૧ ટકા પૈસા મળે છે કારણ કે તે રાજ્ય નથી. સંભવતઃ ટૂંક સમયમાં તેનો રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ૫ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવી દીધી હતી. જે બાદ જમ્મુ-કાશ્મીરને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ત્યારે સરકારે લદ્દાખને જમ્મુ-કાશ્મીરથી અલગ કરીને અલગ કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપ્યો હતો. ત્યારે ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે યોગ્ય સમયે રાજ્યને ચોક્કસપણે જમ્મુ-કાશ્મીરનો દરજ્જો આપવામાં આવશે. હાલમાં નાણા મંત્રીનિર્મલા સીતારમણનિવેદન બાદ અટકળોનો ચાલી રહી છે. હવે જોવાનું એ રહે છે કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવા અંગે કેન્દ્ર સરકાર શું વિચારે છે.

**ટેન્ડર નોટીસ**


નિર્માણ એજ્યુકેશન ટ્રસ્ટ ગોધરા તાબા હેઠળ જેનેઝેન ઈનસ્ટીટ્યુટ ઓફ ફાર્મસી કોલેજ દેલોલ તા.કલોલ જી.પંચમહાલ રજી.નંબર એફ |4003| પંચમહાલ ના મકાન બાંધકામ માટે માન્ય ઇજનેર અથવા લેબર કોન્ટ્રાકટર મારફતે કામ કરવાનું હોય આ અંગેના જરૂરી ભાવો અંગેનું ટેન્ડર જાહેરાત પ્રસિદ્ધિ થયાના દિન - ૦૭ સુધી મેળવીને રૂબરૂ સ્થળ ઉપર આપવા જણાવવામાં આવે છે સરનામું પટેલ અર્પિતા જગદીશભાઈ પ્રમુખ નિર્માણ એજ્યુકેશન ટ્રસ્ટ વૃંદાવન હોટેલની પાછળ મુ.પો. દેલોલ તા. કાલોલ જી.પંચમહાલ.

અર્પિતા જે પટેલ
પ્રમુખ નિર્માણ એજ્યુકેશન ટ્રસ્ટ ગોધરા.

## ઉત્તરાખંડના દહેરાદુન, ઉતરકાશી અને ટિહરીમાં ભૂંકપના ઝટકા અનુભવાયા

દહેરાદુન,

ઉત્તરાખંડની રાજધાની દહેરાદુમાં રવિવારે સવારે ભૂંકપના ઝટકા અનુભાવાયા હતા. નેશલનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, દેવભૂમિ ઉતરાખંડની રાજધાની દહેરાદૂન, તરકાશી અને ટિહરીમાં ભૂકંપના ઝટકા ઉનભવાયા હતા. આ ત્રણ જિલ્લાઓમાં ભૂંકપ ૮:૩૩ મિનિટે રિક્ટર સ્કેલની તિવ્રતા ૪.૭ માપવામાં આવી હતી. અત્યાર સુધી કોઈ જાનહાનીના સમચાર પ્રાપ્ત થયા નથી. રિપોર્ટ અનુસાર ભૂકંપની અસર ભારતની સાથે સાથે ચીનમાં પણ જોવા મળી છે. ભૂકંપનું કેન્દ્ર ચિન્યાલીસોર થી ૩૫ કિમી દૂર હોવાનું માનવામાં આવી છે. એનસીએસે જણાવ્યું છે કે, ભૂકંપ ઉત્તરકાશીથી ૧૪ કિમી પૂર્વ દક્ષિણ પૂર્વમાં ૩૦.૬૭ અક્ષાંશ અને ૭૮.૬૦ દેશાંતર સાથે ૫ કિમીના ઉઠાણમાં મળી આવ્યુ છે. તમને જણાવી દઈએ કે, આ પહેલા ૧ નવેમબરના રોજ મધ્યપ્રદેશના જબલપુર અને તેની આસપાના એરિયામાં ભૂંકપના ઝટકા અનુભવાયા હતા. જબલપુર સહિતના આસપાસના વિસ્તારમાં ભૂકંપની તિવ્રતા રિક્ટર સ્કેલ ૪.૩ હતી. ભૂકંપ સવારે ૮:૪૩ મિનીટે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર બિન્દુ પચમઠી થી ૨૧૬ કિમી દૂર ૧૦ કિમી ઉંડાઈ પર હતુ.



## વર્કપ્લેસ પર યૌનશોષણ : નોકરિયાત મહિલાઓ માટે ગુજરાત, દિલ્હી, પંજાબ સૌથી અસુરક્ષિત

નવીદિલ્હી,

દેશમાં નોકરી કરતી મહિલાઓમાં વર્કપ્લેસ પર શોષણમાં દેશની રાજધાની દિલ્હી જ સૌથી ઉપર છે. અહીં ઓગસ્ટ ૨૦૨૨ સુધી કુલ ૧૧.૨ લાખ મહિલા ફરિયાદ નોંધાવી ચૂકી છે. આ યાદીમાં પંજાબ ૧૦.૫૩ લાખ ફરિયાદ સાથે બીજા અને ગુજરાત દસ લાખ ફરિયાદ સાથે ત્રીજા ક્રમે છે. મહિલા અને બાળવિકાસ મંત્રાલયના રિપોર્ટમાં આ આંકડા સામે આવ્યા છે. દેશનાં વિવિધ રાજ્યમાં વર્કપ્લેસ પર યૌનશોષણની અત્યાર સુધી ૭૦.૧૭ લાખ ફરિયાદ મળી ચૂકી છે, જેમાંથી ૩૧.૧૭ લાખ એટલે કે આશરે ૪૫% ફરિયાદ ગુજરાત, દિલ્હી અને પંજાબમાં મળી છે. બીજી તરફ, કેટલાંક એવાં પણ રાજ્ય છે જ્યાં ના બરાબર કે કોઈ ફરિયાદ નથી. તેમાં લક્ષદ્વીપ, પુડુચેરી, સિક્કિમ, ત્રિપુરા અને દાદરા નગર હવેલી સામેલ છે. નોંધનીય છે કે, દેશમાં મહિલાઓ પર નોકરીના સ્થળે શાબ્દિક કે શારીરિક ફરિયાદો થાય છે તે અંગે અનેકવાર ફરિયાદો થાય છે. આ માટે મોટી કંપનીઓએ મહિલાઓની ફરિયાદ માટે વિભાગ બનાવવો પણ જરૂરી છે. આમ છતાં, છેલ્લાં કેટલાક વર્ષોમાં મહિલાઓની નોકરીના સ્થળે સતામણીની ફરિયાદોમાં સતત વધારો થઈ રહ્યો છે. ડેટા એનાલિસિસ ફર્મ પ્રમાણે, બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સની કંપનીઓમાં વર્ષ ૨૦૨૦-૨૧ની તુલનામાં ૨૦૨૧-૨૨માં વર્કપ્લેસ પર યૌનશોષણ સંબંધિત ફરિયાદ ૫૯૫થી વધીને ૭૫૯ થઈ ગઈ છે. ૨૦૧૯-૨૦માં મી-ટૂ કેમ્પેઈનમાં આ ફરિયાદોની સંખ્યા ૯૯૯ સુધી પહોંચી હતી. વર્કપ્લેસ પર યૌનશોષણને લઈને આ વર્ષે મેમાં આવેલા એક વાર્ષિક અહેવાલ પ્રમાણે, નોકરી કરતી ૫૦%થી વધુ મહિલાઓએ ઓછામાં ઓછો એકવાર વર્કપ્લેસ પર યૌનશોષણનો સામનો કર્યો છે, પરંતુ તેમાંથી ૫૫%એ ક્યારેય ફરિયાદ કરવાની હિંમત સુદ્ધાં નથી કરી.

# સંતરામપુર ગાયત્રી શકિતપીઠ દ્વારા નવ ચેતના જાગરણ ૧૦૮ કુંડી મહાયજ્ઞ



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર ના તત્વધાનમાં ગાયત્રી શક્તિપીઠ સંતરામપુર દ્વારા નવ ચેતના જનજાગરણ ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞ તા.૬/૧૧/૨૨ ના રોજ આવો ગડીએ સંસ્કારવાન પેઢી અંતર્ગત ૬૦૦ બહેનોના ગર્ભોત્સવ સંસ્કાર સંપન્ન થયા.

રાબેતા મુજબ યજ્ઞની શરૂઆત કરવામાં આવી. જેમાં મહિલા પ્રતિનિધિ તરીકે પધારેલ રાજ બાળાનું સ્વાગત ગાયત્રી પરિવારના ટ્રસ્ટીગણે કર્યું. મહીસાગર જિલ્લાના કાર્યકર એસ.એમ.ખાંટ નું સ્વાગત સાલ ઓઢાડી કર્યું. રાજબાળા દ્વારા સગર્ભા બહેનોને તેમનામાં રહેલ બાળકની સંભાળ કેવી રીતે રાખવી જેના વિચારો શ્રવણ સાથે સરખાવી દ્રષ્ટાંતરૂપી ઉદાહરણો આપી માતા બનવા માટેના આવનાર બાળક મહામાનવ કેવી રીતે બને તેનો વિશેષ સંદેશ પાઠવ્યો હતો. ગર્ભમાં રહેલ બાળક તેના માતા પિતા એ આવનાર બાળકને સંસ્કારવાન બને તેવું વાતાવરણ ઘરનું રાખવા અનુરોધ કર્યો. મંત્રોચ્ચાર સાથે ઔષધિ આપી ફુલ વરસાવી આસીર વચન પાઠવ્યા. જેનું સંચાલન મીનાબેનની ટોળીચે કર્યું. તેમજ વિવિધ સંસ્કારોમાં વિદ્યારમ-૧૭, નામકરણ-૧૯, મુંડન-૫૧, અન્ન પ્રાસન-૧૧ થયેલ છે. તેમજ વિવિધ સંસ્કારો પણ કરવામાં આવેલ છે. જેનું સંચાલન ભગોરાજી તેમ જ નાથાભાઈ પટેલ દ્વારા સંપન્ન કર્યું.

સગર્ભા બહેનોને ભગવતી ભોજનાલયમાં પ્રસાદ માટેની અલાયદી વ્યવસ્થા કરી જમાડવામાં આવ્યા હતા. ભગવતી ભોજનાલયમાં પ્રસાદ માટે ભાવિક ભક્તોને આહવાન કરવામાં આવ્યું. જેમાં ૨૦,૦૦૦ થી વધુ ભક્તોએ લાભ લીધો. બપોર પછી મહિલા સંમેલન તેમજ કાર્યકર્તાઓને ગોસ્ટી તેમજ વિવિધ પ્રજ્ઞા મંડળો મહિલા મંડળો અને સખી મંડળોની જ્ઞાનગોસ્ટી ડોક્ટર અલ્પા શાહ તથા રાજબાળા બ્રહ્મભટ્ટ મારફતે દ્રષ્ટાંતો આપી મહિલા સશક્તિકરણ તેમજ મહિલા ઉત્કર્ષ માટેના વિવિધ દ્રષ્ટાંતો આપી મહિલાએ ઘરની લક્ષ્મી છેનું બિરૂદ આપી મહિલા ગોસ્ટીનું સમાપન કર્યું.

# ખાનપુર ખાતે માલીવાડ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું



ખાનપુર,
માલીવાડ સમાજના તેજસ્વી તારલાઓનું સોહમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સન્માન ચોરા (માલીવાડ ભવન) ખાનપુર ખાતે ભાઈ બીજ-મળણના દિવસે કાર્યક્રમના અધ્યક્ષ પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ માલીવાડના સાંનિધ્યમાં સંસ્કૃતના શાસ્ત્રી અને વિદ્વાન શિક્ષક એમયુસીભાઈના મુખ્ય આતિથ્ય અને ડો. અભયસિંહ માલીવાડ દ્વારા સોહમ ચેરીટેબલ ટ્રસ્ટ ખાનપુરના સૌજન્યથી માલીવાડ સમાજના શ્રેષ્ઠ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું. સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્ય કરી અતિથીઓનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. મુખ્ય અતિથિ ભૂતપૂર્વ શિક્ષક (ખાનપુર) એમ યુ સીભાઈ નું પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ માલીવાડના હસ્તે સાલ ઓઢાડી, પુષ્પગુચ્છથી સન્માન કરી ડો. અભયસિંહ માલીવાડ અને ટીમ દ્વારા મોમેન્ટો અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા. અતિથીઓના આશીર્વચનમાં સોહમ ચેરીટેબલ ટ્રસ્ટના ઉદ્દેશ્ય સ્વાસ્થ્ય, શિક્ષણ અને સેવાના સકારાત્મક સમન્વય એટલે આ કાર્યક્રમ દ્વારા સમાજને શ્રેષ્ઠ અને સદ્દભાવના સાથે ઉત્તમ મદદરૂપ થવાનું આવશ્યક માધ્યમ બતાવવામાં આવ્યું. ધોરણ-૧૦ માં મિતેશ માલીવાડના ૮૫.૮૩ ટકા અને ધોરણ-૧૨ માં વિધિ માલીવાડના સીબીએસઈ અંગ્રેજી માધ્યમમાં ૮૬.૬૦ ટકા મેળવવા બદલ સ્મૃતિ ચિન્હ અને પ્રશંસા પત્ર અને સાથે તેઓનું વિશેષ સન્માન અરવિંદભાઈ માલીવાડ (હાલોલ) દ્વારા કરવામાં આવ્યું. કુલ ૩૨ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનું સ્મૃતિ ચિન્હ અને પ્રશંસા પત્ર અને એક બુક ભેટ કરી સન્માનિત કરવામાં આવ્યા. જેમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી ૧૦મું, ૧૨મું, બીએસસી, બીએ, બીએડ, એમએસસી, આઈટીઆઈ, એમબીબીએસ જેવી લાયકાત પૂર્ણ ધરાવતા શ્રેષ્ઠ માલીવાડ તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા. ટીમ માલીવાડમાં સ્મૃતિ ચિન્હ અને પ્રશંસા પત્ર ડો અભયસિંહ માલીવાડ અને ભોજન આર્થિક સહાય ડો રવીન્દ્ર માલીવાડ, ડો. અભય માલીવાડ, રમેશભાઈ માલીવાડ તરફથી કરવામાં આવી. કાર્યક્રમમાં સલાહ, સૂચન અને માર્ગદર્શન સહાયતામાં પ્રવિણસિંહ માલીવાડ (છોટાઉદેપર), રમણભાઈ માલીવાડ (નડિયાદ), વજેસિંહ માલીવાડ (જૂનાગઢ), નવીનભાઈ, ગજેન્દ્રસિંહ માલીવાડ (છોટાઉદેપુર), મોહનભાઈ, ભારૂભાઈ, સામંતભાઈ, નટુભાઈ, વિક્રમભાઈ, ઈન્દ્રસિંહ, નરેન્દ્રસિંહ તલાટી વગેરે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું સંચાલન જેશિંગભાઈ માલીવાડ (ભાણપુર) અને આભાર રમેશભાઈ માલીવાડ (વડોદરા) દ્વારા કરવામાં આવ્યો.

## ઝાલોદ નગરમાં સોશિયલ મીડિયાના ગૃપમાં નગરના વિકાસ થી પ્રજામાં અસંતોષ ફેલાયો

ઝાલોદ,
ઝાલોદ નગરમાં દરેક વિસ્તારોમાં જવાબદાર તંત્રની કામગીરી થી લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે અને તેની ચર્ચાઓ સોશિયલ મીડિયા ગ્રુપમાં થવા લાગી છે. જવાબદાર નેતાઓ નગરના વિકાસને લઈ ઘોર નિંદ્રામાં જોવા મળી રહેલ છે. નગરના લોકો જવાબદાર નેતાઓની બેદરકારી અને ગામના વિકાસ માટે ચિંતિત નથી. તે માટે આવનાર વિધાનસભાની ચૂંટણીમાં પણ તેના પડઘા પડે તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. આવનાર વિધાનસભાની ચૂંટણીમાં મતદારો પોતાના વોટનો ઉપયોગ ગામના વિકાસને સમર્થન આપે તેવા ઉમેદવારને વોટ આપશે તેવું ચર્ચાઈ રહ્યું છે. ઝાલોદ નગરમાં દિન પ્રતિદિન નગરમાં મળતી સુવિધાઓ થી જાહેર જનતામાં અસંતોષ જોવાઈ રહ્યો છે તેથી આવનાર ચૂંટણીમાં નેતા કોઈ પણ પક્ષનો હોય જે નગરના વિકાસને સમજશે તેને જ વોટ આપવાનું મન બનાવી રહી છે. જેથી આવનાર વિધાનસભાની ચૂંટણીમાં પણ જે તે પાર્ટીના ઉમેદવારોએ નગરના પ્રાથમિક સમસ્યાઓ સમજી તેને દૂર કરવાની બાંહેધરી આપશે તે પાર્ટીના ઉમેદવારને જ નગરજનો વોટ આપશે તેવું ચર્ચાઈ રહ્યું છે.

## ઘોઘંબાના ખરોડના યુવક અને પાવીજેતપુરની યુવતિએ ઝળીયાકુવાના જંગલમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવ્યું

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ખરોડ ગામના પરણિત યુવક અને પાવીજેતપુર ગામની યુવતિએ ઝળીયાકુવા ગીચ જંગલમાં ઝાડ સાથે ગળે ફાંસો ખાધેલ હાલતમાં મૃતદેહો મળી આવ્યા. પાવાગઢ પોલીસે મૃતદેહ ઉતારી પી.એમ.માટે મોકલી આપવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ખરોડા ગામે રહેતા ધમેન્દ્ર ઉર્ફે સુનિલ ભયલાભાઈ બારીયા અને પાવીજેપુર ગામની પરણિત યુવતિ જે પિયરમાં રહેતી રસુલા ગોપાલભાઈ રાઠવા વચ્ચે પ્રેમ સંબંધો હોય અને યુવક ધમેન્દ્ર ઉર્ફે સુનિલ પરણિત હતો અને સંતાનમાં એક બાળકનો પિતા પણ હોય ત્યારે પ્રેમ સંબંધો લગ્નમાં નહિ પરિણામે તે માટે અથવા અન્ય કારણોસર સાથે જીવવા અને મરવાની કસમ ખાઈ હોય તેમ ઝળીયાકુવાના ગીચ જંગલમાં બન્ને પ્રેમી પંખીડાએ ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી નાખ્યું હતું. પાવાગઢ પોલીસને જાણ થતાં પાવાગઢ પોલીસને જંગલમાં બે કલાક સુધી પગે ચાલી ગીજ જંગલમાં ઝાડ ઉપર થી મૃતદેહ ઉતારીને હાલોલ સરકારી દવાખાનામાં પી.એમ.અર્થે મોકલી આપવામાં આવ્યા. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંતરામપુર અમરદીપ સોસાયટીના બંધ મકાન માંથી તસ્કરોએ રોકડની ચોરી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં શિયાળ અને ઠંડી શરૂ થતા જ ફરીથી ચોરો બેટિંગ શરૂ કરી દીધી. સંતરામપુર નગરમાં અમરદીપ સોસાયટીમાં બંધ મકાનમાં તાળો તોડીને ચોરો ઘરમાં પ્રવેશ કરીને કબાટનું તાળો તોડીને રોકડા રકમની ચોરી કરી હતી. ઘરની અંદર મૂકેલું સામાન ચારેબાજુ વિખેરી નાખેલું હતું. ખૂણા ખૂણા માંથી ડ્રોવર કબાટ તિજોરી તોડફોડ કરેલી હતી. ઘરના માલિક પોતાના કામ માટે બહારગામ ગયા હતા. તાળું મારીને તે દરમિયાનમાં બંધ મકાનમાં ચોરી કરી હતી. સોસાયટી વિસ્તારમાં રાજ્ય કક્ષાના મંત્રી રહેતા હોય છે અને સતત દિવસ રાત દિવસ પોલીસનો પેટ્રોલિંગ કરતા હોવા છતાં ચોરીના બનાવ વધતો જાય છે. આજ રાતે સંતરામપુરના મોહમ્મદી સોસાયટીમાં બંધ મકાનમાં પ્રોફેસર મકાનમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સોસાયટી વિસ્તારના રહીશો જાગી જતા ચોરો ભાગી છુટ્યા હતા. લગાવેલા સુધી કેમેરા તોડી પાડેલા હતા. આ સોસાયટી વિસ્તારમાં એ જ રાતે બાઈકની પણ ચોરી થઈ હતી. સંતરામપુર નગરમાં ચોરીના બનાવો વધુ જોવા મળી રહ્યા છે. સંતરામપુર નગરમાં નગરજનોને ચોરે ઊંઘ હરામ કરી ફરીથી નગરજનો પેટ્રોલિંગ અને જાગવાનું શરૂ કરવાનું જણાઈ રહ્યું છે. ઘણાં સમયથી સંતરામપુર પોલીસ ચોરને પકડવામાં નિષ્ફળ બની રહી છે અને દરેક વિસ્તારોમાં પોઈન્ટ મૂકવામાં આવે નગરજનોમાં લોક માંગ ઉભી ઊભી થઈ છે.

## બાલાસિનોર તાલુકા માંથી સસરા હેરાન પરેશાન કરે તેવો કોલ આવતા ૧૮૧ની અભયમ ટીમ ઘટના સ્થળે પહોંચી

બાલાસીનોર,
મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકાના નજીકના વિસ્તાર માંથી ૧૮૧ મહિલા હેલ્પલાઈન કોલ આવતા તેમને જણાવેલ કે, તેમના સસરા તેમને હેરાન કરે છે. તે મને ખરાબ નજર થી જોવે છે ,આપ શબ્દો બોલે છે અને આજે તેમને હાથ પકડીને રૂમમાં આવ એવું તેમના સસરા તેમને બોલ્યા પીડિત મહિલા છે. તેમના લગ્નના બે વર્ષ જેવા થયેલો છે. તેમને લવ મેરેજ કરેલા છે, તેમને એક નાની બાળકી છે, તેમના પતિ બહાર દુબઈ રહેતા હતા. પરંતુ તેમના સસરા હેરાન કરતા હોવાથી છેલ્લા એક વર્ષથી તેઓ ઘરે આવેલા છે. પીડીત મહિલા સાથે તેમના સસરા શારીરિક સંબંધ બાંધવા માટે હેરાન કરે છે. તેઓ જણાવતા હતા કે, આવું ઘણાં સમયથી તેમના સસરા તેમને હેરાન કરે છે. જેના વિશે તેમણે તેમના દિયર અને સાસુને જણાવેલ હતું પરંતુ તેઓ તેમને કહી જ કહેતા નથી. તે પીડિત બેનના પતિ બહાર રહેતા હતા. જે છેલ્લા એક વર્ષથી આ બધી બાબતોના લીધે ઘરે આવી ગયેલા ત્યાર બાદ તેમના પતિ અને સાસુ સાથે વાતચીત કરી તેમના સસરા સ્થળ પર ન હતા. તે પીડિત બેનને સમજાવી તેમને કાયદાકીય તેમજ પોલીસ સ્ટેશનની માહિતી આપી. તેમના પતિને પણ સમજાવ્યા અને ત્યારબાદ તે મહિલા આગળ કાર્યવાહી કરવાની જણાવતા હોવાથી પોલીસ સ્ટેશનમાં અરજી અપાવેલ છે.

## કોંગ્રેસની ભારત જોડો યાત્રાના જવાબમાં રાજસ્થાન ભાજપની ખાસ તૈયારી

જયપુર,
દક્ષિણ ભારતથી શરૂ થયેલી કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં જઈ સંપન્ન થશે.આ યાત્રાને જનતાનો ભારે ટેકો મળી રહ્યો છે હવે આ યાત્રાના જવાબમાં ભાજપ રાજસ્થાન એકમ એક મેગા રથયાત્રા કાઢવાની તૈયારી કરી રહી છે. રાજસ્થાનમાં ભાજપ વર્તમાન રાજય સરકારની કહેવાતી નિષ્ફળતાને જાહેર કરવાના પ્રયાસમાં એક મેગા રથયાત્રા શરૂ કરશે.૧૭ નવેમ્બરથી ૧૭ ડિસેમ્બર સુધી રાજયના તમામ ૨૦૦ નિર્વાચન વિસ્તારોમાં ૨૦૦ રથોથી યાત્રા કાઢશે.આ રથ સાતથી દસ દિવસ સુધી નિકળશે.આ દરમિયાન ભાજપ પોતાના તમામ ૧,૧૦૦ તાલુકા અને ૫૨,૦૦૦ મતદાન કેન્દ્રને કવર કરશે.દરેક વિધાનસભા વિસ્તારમાં પાર્ટીના જીલાધ્યક્ષ,વર્તમાન ધારાસભ્ય ભાજપના પૂર્વ ઉમેદવાર પદાધિકારી વિવિધ મોરચાના સભ્ય સહિત અન્ય નેતા સામેલ થશે. ભાજપનું માનવુ છે કે આ રથયાત્રાથી પાર્ટીને એક મજબુત શક્તિ મળશે અને પાર્ટીના સભ્યોમાં ઉત્સાહ અને વિશ્વાસ વધશે.ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું કે અમે તેની તૈયારી શરૂ કરી દીધી છે કોઈ પણ ધારાસભ્ય, પૂર્વ ધારાસભ્ય અથવા જીલાધ્યક્ષ કોઈ વિસ્તાર ખાસ કરીને કોઈ પણ વરિષ્ઠ નેતાને રથયાત્રામાં સામેલ થવા માટે બોલાવી શકે છે.તેમણે કહ્યું કે આ રથયોમાં લગભગ ૧૦ લોકોને બેસવાની વ્યવસ્થા હશે.માઈક ડેકોરેશનની પણ વ્યવસ્થા હશે તમામ રથો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર કેન્દ્ર સરકારની યોજનાઓના પોસ્ટર અને ભાજપની નીતિઓના પોસ્ટર લગાવેલા હશે. અનેક જગ્યાઓ પર રથ રોકાશે આ દરમિયાન નાની નાની બેઠકો કરવામાં આવશે અને લોકોને રાજયમાં કોંગ્રેસ સરકારની નિષ્ફળતા બગડતી કાયદો વ્યવસ્થા અને બેરોજગારીની બાબતમાં લોકોને બતાવવામાં આવશે. એક ચોક્કસ માર્ગ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

## ગોધરા તાલુકાના વાવડીખુર્દ ટોલનાકા પાસે ઈકો ચાલકને લાઈનમાં ગાડી લાવવા કરતાં ઉશ્કેરાઈ જઈ કારનો કાચ તોડી અપમાનજનક શબ્દો બોલતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા તાલુકા વાવડીખુર્દ ટોલનાકા પાસે ઈકો ગાડીના ચાલક અને લાઈનમાં ઉભા રહેવાનું કહેતા ઈકો ગાડીના ચાલકે ફરિયાદીને અપમાનજનક શબ્દો કરી ઉશ્કેરાઈ જઈ ફરિયાદીના કારના કાચ ઉપર થી લાકડી મારી તોડી નાખી નુકશાન કરતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના વાવડી ખુર્દ ટોલનાકા પાસે કિરીટભાઈ મગનભાઈ પટેલ પોતાની ગાડી નંબર જીજે.૧૭.એન.૮૧૬ માં બેસીને નોકરી જતા હતા. દરમ્યાન આરોપી પોતાની ઈકો ગાડી નંબર જીજે.૦૭.ડીઈ. ૨૭૮૦ ચલાવી લાવી કિરીટભાઈ પટેલની કાર આગળ ઉભા રહેતા કાર લાઈનમાં લાવવાનું કહેતા અપમાનજનક શબ્દો કરી બોલાચાલી કરી હતી અને ઉશ્કેરાઈ જઈ ઈકો ગાડી માંથી લાકડી લઈ આવી કારનો કાચ તોડી નાખીને ૫,૦૦૦/-રૂપીયાનું નુકશાન કરી ગુન્હો આચરતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા અલ અમીન સ્કુલ ખાતે ઘાંચી પંચ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરાયું



શહેરા,
શહેરા અલ અમીન સ્કુલ ખાતે ઘાંચી પંચના પ્રમુખ હાજી ઈકબાલ પોચા અને હાજી સોકત હયાતની ઉપસ્થિતિમાં ઉમ્મીદ ગ્રુપ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામા આવેલ હતુ.આ રકતદાન કેમ્પમાં ઉત્સાહપૂર્વક ૮૦ જેટલા રકતદાતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરતા કેમ્પને સફળતા મળી હતી.

શહેરા નગરમાં આવેલી અલ અમીન શાળા ખાતે ઉમ્મીદ ગૃપ દ્વારા એક સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન ઈન્ડિયન રેડકોર્સ સોસાયટી ગોધરાના સહયોગ થી કરવામાં આવ્યું હતું. રકતદાન કેમ્પમાં હાજી સોકત હયાત અને ઘાંચી સમાજના પ્રમુખ હાજી ઈકબાલભાઈ પોચાની ઉપસ્થિતિમાં રકતદાતાઓએ રકતદાન કરી માનવતા નું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડ્યુ હતું. કોઈ પણ ધર્મ કે જાતિના વ્યકિતને જ્યારે પણ રક્તની જરૂરિયાત પડે ત્યારે આ રક્તનો ઉપયોગ થઈ શકે તેવા શુભ આશય થી આ કેમ્પનું આયોજન ઉમ્મીદ ગૃપ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા ઉમ્મીદ ગૃપના સભ્યોએ ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. અલ અમીન શાળા ખાતે રાખેલ રકતદાન કેમ્પમાં દિવસ દરમિયાન ૮૦ જેટલા રકતદાતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરતા કેમ્પને સફળતા મળી હતી. આ કેમ્પમાં ઈન્ડિયન રેડકોસ સોસાયટી ગોધરાના મેડિકલ ડોક્ટર એન.પી.પટેલ તેમજ સ્ટાફ સહિત ઉમ્મીદ ગૃપના બધા સભ્યો ઊપસ્થિત રહ્યા હતા.

# દિલ્હીમાં જૂની ડીઝલ કાર પર પ્રતિબંધ, ચલાવતા પકડાય તો ૨૦ હજાર દંડ થશે

નવીદિલ્હી,
સતત વધી રહેલા વાયુ પ્રદૂષણને કારણે દિલ્હીમાં જૂની ડીઝલ કાર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. હવે જ્યાં પણ BS6 સ્ટાન્ડર્ડથી ઉતરતા સ્તરની કાર ચાલતી જોવા મળશે તો કાર માલિકને ૨૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. આ સંદર્ભે, દિલ્લીના પરિવહન વિભાગે આવા વાહન માલિકોને સંદેશ મોકલીને ચેતવણી આપી છે. ચેતવણીમાં કહ્યું છે કે, જ્યાં સુધી હવામાન સારું ન થાય ત્યાં સુધી ભૂલથી પણ આવા વાહનો લઈને રસ્તા પર ના નીકળતા. વાહનવ્યવહાર વિભાગ દ્વારા પાંચ લાખથી વધુ વાહન માલિકોને સમાન સંદેશો મોકલવામાં આવ્યો છે.

ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ, દિલ્લી તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, કોમ્પ્યુટરાઈઝ્ડ ડેટા અનુસાર, દિલ્લીમાં નોંધાયેલા તમામ વાહનોના માલિકોને ઓટોમેટિક સંદેશા મોકલવામાં આવ્યા છે. જે બીએસ ૬ ધોરણને પૂર્ણ કરતા નથી. તેમને કહેવામાં આવ્યું છે કે દિલ્લીમાં પ્રદૂષણ ભયજનક સ્તરે પહોંચી ગયું છે. આવી સ્થિતિમાં, પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે દિલ્લીની સીમામાં BS6 સ્ટાન્ડર્ડ કરતા ઓછા ડીઝલ વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ મેસેજમાં વિભાગે આવા વાહન માલિકોને ચેતવણી આપી છે કે જો પકડાશે તો વીસ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે.

પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા માટે દિલ્લી સરકારે દિલ્લીમાં ગ્રાફ ફોર લાગુ કરી છે. આ વ્યવસ્થા હેઠળ પ્રદૂષણ ફેલાવતી વિવિધ પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવી છે. આમાં ધુમાડો ફેલાવતી ફેક્ટરીઓથી માંડીને બાંધકામ અને જનરેટર વગેરેનો સમાવેશ થાય છે. જેના કારણે અહીં આર્થિક ગતિવિધિઓ પર ખરાબ અસર પડી રહી છે. આમ હોવા છતાં, સરકારે સ્પષ્ટ કર્યું છે કે લોકોના જીવનની કિંમત પર આર્થિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે નહીં.

બીએસ-૬ સ્ટાન્ડર્ડથી નીચેના ડીઝલ વાહનો પર પ્રતિબંધની અસર રસ્તાઓ પર પણ જોવા મળશે. આ વાહનોને રોડ પરથી હટાવવાથી ટ્રાફિક જામમાંથી ઘણી હદે રાહત થશે. સાથે જ લોકોને જાહેર વાહનોનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવશે. તેનાથી પ્રદૂષણ પર પણ અસર થશે. તમને જણાવી દઈએ કે આ સમયે દિલ્લીમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ છે. હાલમાં દિલ્લીનો AQI ચિંતાજનક સ્થિતિમાં છે. આ સમયે વાતાવરણમાં ધુમ્મસનું પાતળું પડ જામ્યું છે. જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી છે.

## આપની આજ.......

મેષ : આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

વૃષભ : આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઈચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે, તેમ છતાં તમે કાર્યથી સંતુષ્ટ થશો. ધંધામાં લાભની સ્થિતિ સારી રહેશે.

મિથુન : આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો. સ્થળ પરિવર્તનનો સંદર્ભ મજબૂત અને સ્થાપિત થશે. નાણાકીય લાભ થશે.

કર્ક : આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે. પરંતુ ખર્ચ આવકના પ્રમાણમાં વધુ રહેશે.

સિંહ : આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે નોકરી કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

કન્યા : આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઈચ્છિત સુખ અને ટેકો મળશે. સાંજથી રાત સુધી શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

તુલા : આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે.

વૃશ્ચિક : આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે. વ્યવસાયમાં સાથીઓ સાથે સંકલનના અભાવે તમે અસ્વસ્થતા અનુભવો છો. વિરોધીઓ પણ આજે સક્રિય રહેશે.

ધનુ : આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારી લોકો સાથે મિલાપ વધશે. વેપારીઓ અને ભાગીદારો તરફથી પણ વ્યવસાયમાં સારું વાતાવરણ રહેશે.

મકર : આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે. આ સિવાય કફના લીધે શારીરિક પીડા થવાની સંભાવના રહેશે.

કુંભ : આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

મીન : આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે. કોઈ જૂના મિત્ર સાથેની મુલાકાત આજે તમારા ચહેરા પર સ્મિત લાવશે.

# BJPમાં ઉમેદવારોના નામોની જાહેરાત પહેલા જ પ્રદેશ પ્રમુખનો ધડાકો : ભાજપ નેતાના કોઈ સગાને ટિકિટ નહીં : CR પાટીલ

દાહોદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાતની સાથે ફુલગુલાબી ઠંડીમાં રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. તારે એક તરફ ભાજપ અને કોંગ્રેસના વિકલ્પ તરીકે પહેલીવાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ત્રીજા મોરચા તરીકે ઝંપલાવનાર આમ આદમી પાર્ટીએ અત્યાર સુધીમાં ૧૩૯ જેટલા ઉમેદવારો જાહેર કરી દીધા છે. કોંગ્રેસ દ્વારા પણ ગઈકાલે સાંજે ૪૩ જેટલા ઉમેદવારોની યાદી જાહેર કરી દેવામાં આવી છે. તેના પગલે કેટલી જગ્યા પર આમ આદમી પાર્ટી તેમજ કોંગ્રેસમાં ભડકો જોવા મળી રહ્યો છે. ટિકિટ ન મળતા અસંતુષ્ટો પક્ષને રામરામ કરી બીજા પક્ષમાં એન્ટ્રી લઈ રહ્યા છે. તો કેટલાકની ઘરવાપસી થઈ રહી છે. તારે બીજી તરફ છેલ્લા ૨૭ વર્ષથી એક હથ્થું શાસન ચલાવનારી ભાજપમાં પણ ૧૮૨ બેઠકો પર ૪,૦૦૦ થી વધુ ઉમેદવારોએ દાવેદારી નોંધાવતા ભાજપમાં પણ ઉમેદવારોનો મેળાવડો જોવા મળી રહ્યો છે. ત્યારે ગૃહ મંત્રી અમિત શાહના નેતૃત્વમાં છેલ્લા ત્રણ દિવસથી પ્રદેશ મુખ્યાલય કમલમ ખાતે પાર્લામેન્ટ્રી બોર્ડની મેરેથોન મીટીંગો યોજી ઉમેદવારોની પસંદગી માટે માથાપચી થઈ રહી છે. તો બીજી તરફ ચૂંટણી લડવા થનગનતા ટિકિટ વાંછુકો પોતાની ટિકિટ ફાઈનલ કરાવવા માટે છેક ગાંધીનગર સુધી લાંબા થઈ ગોડફાદારોની ચોખટ ચૂમી લોબિંગ કરી રહ્યા છે. ત્યારે આ તમામ બાબતોની વચ્ચે આજરોજ બીજેપી પ્રદેશ પ્રમુખે મહત્વપૂર્ણ જાહેરાત કરતા રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે કોઈપણ ભાજપના સગાને ટિકિટ નહીં મળવાનું જાહેર કરતા ટિકિટ મેળવવા માટે થનગની રહેલા નેતાઓના સગા વાલાઓ પણ મુઝવણમાં મુકાઈ ગયા હતા. ત્યારે દાહોદ જિલ્લામાંથી ૮૪ જેટલાં ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે જે પૈકી કેટલીક જગ્યાએ તો પતિ પત્ની, પિતા પુત્રી, તેમજ સસરા પુત્ર વધુએ પણ ટિકિટ માંગી છે ત્યારે સી આર પાટીલની ગાઈડલાઈન મુજબ આ તમામ ટિકિટવાંછુંકોની આશા ઉપર પાણી ફેરવાઈ ગયું છે. સાથે સાથે દાહોદ જિલ્લાની હાઇ પ્રોફાઈલ ગણાતી તેમજ બીજેપીનું ગઢ ગણાતી લીમખેડા બેઠક પર વર્તમાનમાં દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના નાનાભાઈ શૈલેષભાઈ ભાભોર છે. જોકે તેમણે પણ વિધાનસભા બેઠક પર ટિકિટ ની માંગણી કરી છે. ત્યારે તેમને પ્રદેશ પ્રમુખની ગાઈડલાઈન નથી નડતી? તે એક મોટો સવાલ છે. તો બીજી તરફ મોટાભાઈ દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય પણ છે. અને તેઓ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં સામેલ છે. જોકે મોસાળમાં જમણવાર હોય અને મહા પીરસ નારી હોય તો છોકરૂં ભૂખયું મરે..? કદાચ તે વખતે સાર્થક સાબિત થશે..? સી.આર. પાટીલની ગાઈડલાઈન મુજબ લીમખેડા બેઠકના વર્તમાન ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોર ની ટિકિટ કપાશે.? કે પછી પાર્લામેન્ટરી બોર્ડમાં સામેલ તેમના ભાઈ જશવંતસિંહ ભાભોર CR પાટીલની ગાઈડલાઈનની એસીતેસી કરી શૈલેષભાઈની ટિકિટ પાકી કરાવશે..? એક યક્ષપ્રશ્ન છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સી.આર. પાટીલની ગાઈડલાઈન મુજબ જો શૈલેષભાઈની ટિકિટ કપાય તો લીમખેડા વિધાનસભા બેઠક પર મોવડી મંડળ કોના પર પસંદગી ઉતારશે. તે પણ હાલ જોવું રહ્યું.

# ઝાલોદ વિધાનસભા બેઠક માટે કોંગ્રેસના ઉમેદવારની જાહેરાત સાથે કોંગ્રેસમાં ભારે આક્રોશ



દાહોદ,

દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ૧૩૦ ઝાલોદ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ડૉ. મિતેશ ગરાસીયાના નામની જાહેરાત કરતાંની સાથેજ ઝાલોદ તાલુકા કોંગ્રેસમાં ભારે આક્રોશ સાથે કોંગ્રેસ આલમમાં અંદરો અંદર હોદ્દેદારો અને કાર્યકર્તાઓમાં ભારે આક્રોશ ફેલાવા પામ્યો છે અને ઝાલોદ તાલુકામાં કોંગ્રેસ સમિતિ ભારે રાજકારણ પણ ગરમાયું છે ત્યારે ડૉ.મિતેશ ગરાસીયાની ટીકીટ રદ કરવામાં આવે નહીં તો આવતીકાલે સવારે ૧૧.૦૦ કલાકે સમગ્ર ઝાલોદ તાલુકાના કોંગ્રેસ સમિતિના તમામ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ સામુહિક રાજીનામા આપશે તેવી ચીમકી પણ ઉચ્ચારતાં વિધાનસભાની ચુંટણી પુર્વે ઝાલોદ તાલુકામાં કોંગ્રેસમાં રાજકારણ ગરમાયું છે. મિતેશ ગરાસીયાની ટીકીર જો રદ કરવામાં નહીં આવે તો ચુંટણી પહેલા ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિમાં ગાબડુ પડવાની શક્યાતાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગઈકાલે કોંગ્રેસ પાર્ટી દ્વારા ગુજરાતમાં વિધાન સભાના ટીકીટના દાવેદારોની પ્રથમ લીસ્ટ બહાર પાડી ટીકીટની ફાળવણી કરી હતી. ત્યારે આ લીસ્ટમાં દાહોદ જિલ્લાના ૧૩૦ વિધાનસભામાં ડૉ. મિતેશ ગરાસીયાને ટીકીટ આપી હોવાની જાહેરાત થતાંની સાથેજ ઝાલોદ તાલુકામાં કોંગ્રેસ સમિતિમાં ભારે આક્રોશ સાથે નારાજગી ફેલાઈ જવા પામી હતી. ઝાલોદ કોંગ્રેસ સમિતિમાં અંદરો અંદર ભારે આક્રોશ જોવા મળ્યો હતો. યુથ કોંગ્રેસના આગેવાનના જણાવ્યાં અનુસાર, ડૉ. મિતેશ ગરાસીયાના વેવાઈ જે ભાજપમાં જોડાઈ ચુંટણી લડી રહ્યાં છે અને ભાજપના સાંઢ ગાંઢથી મળેલા એવા લોકોને વારંવાર આવા લોકોને ટીકીટ આપવામાં આવી રહી છે. વારંવાર પ્રદેશ નેતૃત્વને, જિલ્લા નેતૃત્વને, પ્રભારીને અનેકવાર રજુઆત કરવા છતાંય કોંગ્રેસ દ્વારા એક હથ્થુ શાસન ચલાવવામાં આવી રહ્યું છે અને પોતાની મનમાની કરવામાં આવી રહી છે. પહેલી લીસ્ટમાં ડૉ. મિતેશ ગરાસીયાને ફાઈનલ કરી દેવામાં આવ્યાં છે. જેનો અમારો સખ્ત વિરોધ છે, અમારા પાયાના કાર્યકર્તાઓની જાણ બહાર મધ્ય ગુજરાતના પ્રભારી ઉષાબેન નાયડુ દ્વારા ટીકીટ ફાઈનલ કરવામાં આવી છે જે ડૉ. મિતેશ ગરાસીયાને જે ટીકીટ આપી છે. જે પરત લેવામાં નહીં આવે તો આવતીકાલે તમામ સંગઠનોના હોદ્દેદારો, હારેલા, જીતેલા સરપંચ, તાલુકાના તમામ નાનાથી લઈ મોટા કાર્યકર્તાઓ સામુહિક રાજીનામા ધરી દેશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે ત્યારે બીજી તરફ મધ્ય ગુજરાતના કોંગ્રેસના પ્રભારી ઉષાબેન નાયડું દ્વારા નાણાંની લેવડ દેવડ કરી ડૉ. મિતેશ ગરાસીયાને ટીકીટ ફાળવવામાં આવી હોવાના આક્ષેપો પણ ઝાલોદ કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા કરવામાં આવી રહ્યાં છે. આગામી દિવસોમાં આ પ્રકરણ કેવા પ્રકારનું રૂપ ધારણ કરશે તે જોવાનું રહ્યું.

# ઝાલોદના મુણધા ગામે નાણાંની લેવડદેવડમાં બે ઈસમોએ હથિયારો વડે મારામારી કરતાં બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ થતાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુણધા ગામે નાણાંની લેવડ દેવડ મામલે બે જેટલા ઈસમોએ આઠથી દશ જણાને હથિયારો વડે ગંભીર માર મારતાં જે પૈકી બે વ્યક્તિઓને શરીરે ગંભીર માર મારતાં બે વ્યકિતઓના મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

ઝાલોદ તાલુકાના મુણધા ગામે રહેતાં ભાભોર વિનોદભાઈ લંબુભાઈ દ્વારા જણાવ્યાં અનુસાર, ગામમાં રહેતાં બે ભાઈઓ વિજય અને અરવિંદનાઓએ ગામમાં રહેતાં કાળુભાઈ મનુભાઈ ભાભોર, ગોરધનભાઈ મનુભાઈ ભાભોર તથા તેમની સાથેના અન્ય કેટલાંક વ્યક્તિઓને નાણાંની લેવડ દેવડ મામલે રસ્તામાં રોકી હથિયારો વડે ગંભીર માર મારતાં કાળુભાઈ તથા ગોરધનભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેઓનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને તાત્કાલિક દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. ઉપરોક્ત બંન્ને ભાઈઓ દ્વારા અવાર નવાર નાણાંની લેવડ દેવડ મામલે વિનોદભાઈનાઓના ઘરે આવી મારઝુડ, ધિંગાણું મચાવતાં હતાં. આ મામલે પોલીસ મથકે ફરિયાદ સહિત અરજી પણ આપી હતી પરંતુ ઉપરોક્ત બંન્ને ભાઈઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવી હોવાના આક્ષેપો પણ મૃતકના પરિવારજનો દ્વારા કરવામાં આવ્યાં હતાં ત્યારે આ હિંસક હુમલાને પગલે પરિવારના બે વ્યકિતઓના મોત નીપજતાં પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. હુમલાખોને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પરિવારજનોમાં ઉઠવા પામી છે. પોલીસ જો સત્વરે હુમલાખોરો વિરૂધ્ધ કાર્યવાહી કરતી તો આ બનાવ બનતો અટકી શકતો હતો પરંતુ પોલીસની નિષ્ક્રીયતાને કારણે બે વ્યક્તિઓએ પોતાનો જીવ ગુમાવ્યો હોવાનો પણ પરિવારજનોમાં ચર્ચા થતી હતી. ત્યારે આ મામલે મૃતકના પરિવારજનોએ પોલીસમાં ફરિયાદ આપવાની તજવીજ પણ હાથ ધરી છે.

# દે.બારીયા શહેરમાં ગ્યારમીની તકરીરના પ્રોગ્રામ સાથે આમ ન્યાઝનું આયોજન કરાશે



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરના કસ્બા, ભે દરવાજા વિસ્તારના દરગાહના પટાંગણમાં પરંપરા અનુસાર પીરાને પીર હજરત ગોષે આઝમ શેખ અબ્દુલ કાદીર જીલાની ઉર્સના મોકા ઉપર ખત્મે કુર્આન ખ્વાજા જીકશરીફ અલમ (નિશાન શરીફ) સાથે નાતખ્વાજાના દરેક પોતપોતાની યથા શકિત અનુસાર આયોજન કરી ધન્યતા અનુભવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તા.૫/૧૧/૨૦૨૨ના શનિવારના રોજ રાત્રે ઈશાની નમાઝ બાદ તકદીરનો પ્રોગ્રામમાં શેહઝાદાએ હુઝુર ગાલિબે મીલ્લત હજરત અલ્લામા શમદાનીમીંયા અશરફુલ જીલાની એ ગોષે પાકની કરામતોના વિશે સમજ આપી હતી. જેમાં સતત તકદીરના પ્રોગ્રામમાં નાના મોટા મહિલા– પુરૂષો તથા યુવાનો શોખ થી હાજરી આપે છે. મુર્કરીરોમાં મુફતી સમની રઝવી સુન્ની જામા મસ્જીદના પેશ ઈલામ, જનાબ મૌલાના ફીરોઝ કાદરી તથા મૌલાના અરમાન રઝા મુર્દરીશ ફૈજાને અશરફ પોતાની અંદાજમાં ગૌષે પાકના જીવન શૈલીના વિશે અનોખો બયાન કરી હાજરગણનો ઈમાન તથા અકી દો તરો તાઝા અને પુખ્તતા કરતા હતા.

જેમાં દરગાહ કમીટી તરફ થી આયોજનમાં કોઈ કમી રાખી ન હતી. તા.૯/૧૧/૨૦૨૨ બુધવારના રોજ મોહમંદ હનિફ મકરાણી (ધામાભાઈ)ના તરફથી આમ, ન્યાઝ સાંજે રાખવામાં આવશે. તેમજ તા.૧૦/૧૧/ ૨૦૨૨ ગુરૂવારના રોજ હાજી આશીફભાઈ મન્સુરી તરફથી આમ, ન્યાઝનું આયોજન કરવામાં આવશે. તકદીરના પહેલા નાખત્વા મુખ્તાર બેગ મીરઝા તથા વ્હાલ બાપુ પોતાના અંદાજમાં નાત પડતા હતા. સ્ટેજનો રોનકમાં વધારો કરનાર હાફીઝો કરી અલતાન શેખ અશરફી એક લોતા યુવાન આલીમ હતા. જેથી કસ્બા તથા ભે દરવાજા ગરીબ વસ્તીના એકલોતા હાફીઝો દ્વારા આલીમે દીન બનવા પામ્યા છે. તે ગર્વની બાબત છે.

# ઝાલોદના રાજકારણને સમજવામાં ભલભલા રાજકીય પંડિતોના સમીકરણો ઉંધા પડ્યા

- ભાજપની હાર પાછળ સ્થાનિક સંગઠનમાં ચાલતો આંતરિક જુથવાદ પણ જવાબદાર...?
- ઝાલોદમાં ભાજપની કારમી હાર અંગે હાઈ-કમાન્ડનું વિશ્લેષણ મથામણ તરફ નજર.
- તમામ નેતાઓ, કાર્યકર્તાઓ સંગઠન ચહલ પહલ પર બાજ નજર.

ઝાલોદ,

ઝાલોદનો મતદાર એટલો પણ ભોળો નથી કે તેઓ સ્થાનિક મુદ્દાઓમાં ફરક કરી શકે. ઝાલોદવાસીઓ એ પાણી, વિજળી, શિક્ષણ અને ચિકિત્સા જેવા મુદ્દાને વધુ પ્રાધાન્ય આપ્યું છે. ત્યારે આ મુદ્દાઓની ભાજપ ની આપસાહી દેખાઈ તેમાં પણ ભાજપનાં તાલુકા જીલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા હંમેશા મુદ્દાઓની અવગણના કરવામા આવી છે.ત્યારે ઝાલોદ વિધાનસભા મત વિસ્તારમાં હંમેશા હારવાના મુખ્ય કારણ સ્થાનિક સંગઠનમાં આપસી તાલમેળનો અભાવ કોંગ્રેસ માટે પ્લસ પોઈન્ટ રહ્યો છે.ભાજપના સંકલ્પ પત્રમાં કેટલાક લોકલોભના વચન હતા. જે ગત વિધાનસભા ચૂંટણીમાં કોઈ જ અસર કરી નથી. અત્યાર સુધી મતોની ગણતરીથી એ સ્પષ્ટ થાય છે કે, કોંગ્રસે આ ચૂંટણીમાં મહત્વનો ભાગ લઈને સફળ થઈ ત્યારે ભાજપની ના કોઈ રણનીતિ અને ના કોઈ નેતા. એક સમયે સતત ત્રણ વખત સત્તા પર કબજો કરનારી પાર્ટી સમગ્ર રીતે ઝાલોદ વિધાનસભા ધ્વંસ્ત થઈ ગઈ છે. સ્થિતિ તો એ છે કે પાર્ટી છેલ્લી વિધાનસભા ચૂંટણીની તુલનામાં પણ ઓછા મત મળતા દેખાઈ રહ્યા છે. તેવામાં સવાલ એ ઉઠી રહ્યો છે કે આનો ફાયકો કોને થયો? ૨૦૧૭ ભાજપના મત તો વધ્યા છે, પરંતુ કેટલીક બેઠકો પર ભાજપના નબળા આંતરિક વિખવાદ પ્રદર્શને આમ આદમી પાર્ટીનો ઝાલોદનો રસ્તો સરળ બનાવવામાં સંકેત જોવા મળી રહ્યો છે.

ભાજપે ઉમેદવારીની પસંદગીમાં જરૂરીયાતથી વધુ મોડું કર્યું. ત્યાં સુધી કે સ્થાનિક નેતાઓનો આરોપ છે કે, પાર્ટીએ ઝાલોદમાં પર નવા પાર્ટી જોઈન કરતા ઉમેદવાર બનાવી નાખ્યા. ભાજપના ચૂંટણી પ્રચારને જોઈએ તો પાર્ટીમાં સ્થાનિક નેતાઓ સંખ્યા એટલી વધુ રહી કે કેટલાક વખત સ્થાનિક નેતાઓ પોતાને અવગણાયેલ અનુભવવા લાગ્યા જેના કારણે ૨૦૧૨ અને બાદ ૨૦૧૭ માં ભાજપને કારમી હાર નો સામનો કરવો પડયો હતો. બીજેપી દ્વારા વિધાનસભા ૨૦૧૨ ના ઉમદેવાર ભાવસિંગ ડી. વાઘેલાએ ૨૩૯ બુથમાં કારમી હારનો સામનો કરવો પડયો હતો. જેના પગલે કોંગ્રેસ પક્ષના ઉમેદવાર મિતેષ ગરાસિયા ૪૦,૦૭૭ મતથી આગળ રહ્યા હતા. જયારે ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં મહેશ ભુરીયા ને ૨૭૪ બૂથમાં કારમી હારનો સામનો કરવો પડયો હતો. જેના પગલે કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ૪૦,૬૦૪ મત થી આગળ રહ્યા હતા. જોકે, ભાજપની ચૂંટણીમાં થયેલ હારમાં હાઈવે કોરિડોર ખેડૂતોના અસંતોષના મુખ્ય કારણો ગણાવાયા છે. પરંતુ તે ઉપરાંત ભાજપનો આંતરિક જુથવાદ પણ કારણભુત હોવાનું મોટું કારણ હોવાના ફીડબેક હાઈકમાન્ડને મળ્યા હતાં. તેના સંદર્ભે ફરીથી વિશ્લેષણ કરાઈ રહ્યુ છે. ભાજપ વચ્ચે સંકલનના કથિત અભાવ અને મોટા કદના નેતાઓમાં થયેલી ખેંચતાણ અંગે પણ સમીક્ષા કરશે. ભાજપે ડેમેજ કંટ્રોલ માટે ઘણા જુના નેતાઓને મેદાનમાં ઉતારવા છતાં હજુ પણ અસંતોષનો ઉકળતો ચરૂ જોવા મળી રહ્યો છે. વિધાનસભાની ચૂંટણીમાં છેલ્લા કેટલાય વર્ષોથી કોંગ્રેસ પહેલેથી અગ્રેસર રહીને ઝાલોદ બેઠક માં પોતાનો કોંગ્રેસનો ગઢ સાચવી રાખ્યો છે. ત્યારે ઝાલોદ વિધાનસભામાં કેવા સમીકરણો રચાય છે. તે તો આવનારો સમય જ બતાવશે.

# ઝાલોદના લીમડી મુકામે એક દિવસ સાધના શિબિર સાથે નવી ભોજન પ્રથાનું આયોજન



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી મુકામે એક દિવસીય તપ સેવા સુમિરન સાધના શિબિર અને નવી ભોજન પ્રથા શિબિરનું આયોજન કરવામાં આવ્યું. બનાસકાંઠાના લાખણી થી નરહરી ભાઈ પંડ્યાના અધ્યક્ષ સ્થાને લીમડી નગરના ગાયત્રી હોલ ખાતે એક દિવસીય તપ સેવા સુમિરન સાધના શિબિર અને નવી ભોજન પ્રથા શિબિરનું આયોજન કરવામાં આવ્યું. લીમડી પ્રકૃતિ મિત્ર મંડળ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. આ શિબિરમાં લોકોને કાચું ભોજન લેવાનો આગ્રહ કરી અને ભોજનના પ્રકારો વિશે માહિતી આપવામાં આવી હતી. કાચું ભોજન લેવાશે તો આગામી સમયમાં કોઈ પણ પ્રકારની દવાઓ લેવાની જરૂરી પડશે નહિ તેવું આ શિબિરમાં સમજાવવામાં આવ્યું હતું.

આજના સમયમાં દરેક વ્યકિતના ઘરે કોઈક ને કોઈક પ્રકારની બીમારી છે દવાઓ લેવા છતાં પણ બીમારીઓ દૂર થતી નથી. આ શિબિરમાં નવી ભોજન પ્રથા અનુસાર કંઈ રીતે કયું ભોજન લેવું જોઈએ તેના વિશેની માહિતી આપવામાં આવી હતી.

# જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઇ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં આજે જિલ્લા સેવા સદન ખાતે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઇ હતી. જેમાં જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ગોસાવીએ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને જિલ્લામાં યોજાનારી ચૂંટણીનો કાર્યક્રમ સહિતની વિગતો તેમજ આ અંગે ઉમેદવારોએ નિભાવવાના ખર્ચ રજીસ્ટર વગેરે બાબતો વિશે માહિતગાર કર્યા હતા. ઈવીએમ મેનેજમેન્ટ સીસ્ટમ અંતર્ગત બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ, વીવીપેટ ના રેન્ડમાઈઝેશનની પ્રથમ પ્રક્રિયા પારદર્શક રીતે ઉમેદવારો સમક્ષ યોજવામાં આવી હતી. ડો. ગોસાવીએ વિવિધ પરવાનગીઓ માટે સીંગલ વીંડો સીસ્ટમ કાર્યરત કરવામાં આવી હોવા ઉપરાંત ઉમેદવારે ખર્ચના હિસાબ નિભાવવા બાબતે વિગતે માહિતી ઉપસ્થિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ ખર્ચ નિરીક્ષક તરીકે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને દરેક ઉમેદવારે કરવાના ખર્ચની મર્યાદા, ઉમેદવારના નોમિનેશનથી શરૂ કરીને ચૂંટણીલક્ષી તમામ ખર્ચના રજીસ્ટર, તેમજ અન્ય પ્રક્રિયાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. બેઠકમાં વિવિધ પક્ષોના પ્રતિનિધોઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી.આઇ. પ્રજાપતિ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ઝાલોદ નગરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો દ્વારા હિન્દુ હિત ચિંતક અભિયાનની શરૂઆત કરાઈ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

સમગ્ર ભારત દેશમાં હિન્દુ એકતા અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રયત્નશીલ રહે છે. આજ રોજ ઝાલોદ નગરમાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો ભરત ટાવર પર મોટા પ્રમાણમાં ભેગા થયા હતા અને ભારત માતાકી જયનાં નારા સાથે હિન્દુ હિતચિંતક અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યું હતું તેમાં નગરમાં વસતા દરેક ઘર, દુકાન અને ઓફિસ પર જઈ હિન્દુ હિતચિંતક અભિયાન વિશે લોકોને સમજ આપી હતી અને કાર્યક્રમ ચાલુ કરવામાં આવ્યુ હતું. વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ દ્વારા સમગ્ર વિશ્વના ૩૨ દેશોમાં કાર્ય ચાલે છે, જેનાં અંતર્ગત સમગ્ર વિશ્વમાં ૦૬/૧૧/૨૦૨૨ થી ૨૦/૧૧/૨૦૨૨ સુધી હિતચિંતક અભિયાન ચાલવાનું છે તે અંતર્ગત આજે દાહોદ જીલ્લાના ઝાલોદ નગરમા આજે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંદળ દ્વારા હિતચિંતક અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. જેમા ઝાલોદ નગરના વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળના કાર્યકર્તાઓ કામે લાગી અલગ અલગ વિસ્તારોમાં ફર્યા હતા. દરેક હિન્દુ સમાજનાં ઘર સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જ્યાં પણ કાર્યકર્તાઓ પોહાંચ્યા ત્યાં કાર્યકર્તાઓનું ઉમળકાભેર સ્વાગત સમગ્ર હિન્દુ સમાજ દ્વારા કરવામાં આવ્યું. આમ, હિતચિંતક અભિયાનને ઝાલોદ નગરના હિન્દુ સમાજ તરફથી ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. અભિયાનની શરૂઆત કરવા માટે દાહોદ જીલ્લા માંથી જીલ્લા મંત્રી યોગેશ જયસ્વાલ, જીલ્લા સહમંત્રી મનિષ પંચાલ અને જીલ્લા સત્સંગપ્રમુખ લોકેશ દવે હાજર રહ્યા હતા.

હિતચિંતક એટલે....
જેનાં હર્દયમાં રામ હોય,
જેનાં કાર્યમાં શ્યામ હોય,
જેનાં ઉદ્દેશ્ય, ધર્મ–સંસ્કૃતિ– વિશ્વ કલ્યાણ હોય તેવી સમજ હિન્દુ હિતચિંતક કાર્યકર્તાઓ દ્વારા આપવામાં આવી હતી તેમજ વિશેષ સમજણ માટે પત્રિકાઓ ની વહેંચણી પણ કરવામાં આવી હતી.

# વિધાનસભા ચૂંટણીને લઈ ગરબાડા મિનાક્યાર બોર્ડર પર પોલીસ અને BSF જવાનો દ્વારા સઘન ચેકીંગ હાથ ધરાઈ



ગરબાડા,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સદર્ભમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને ગુજરાત પોલીસ સહિતની તમામ સુરક્ષા એજન્સી એક્શન મોડમાં આવી છે. ત્યારે ગરબાડા મીનાક્યાર બોર્ડર ચેક પોસ્ટ પર બીએસએફના જવાનોને પોલીસ સ્ટાફ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી સુચનાઓ અને આચાર સંહિતાનો કડક અમલ થાય તે માટે ચેક પોસ્ટ પર થતી શંકાસ્પદ વાહનોની મુવમેન્ટ પર નજર રાખવા તથા ચૂંટણી દરમિયાન અવ્યવસ્થા ફેલાવવા માટે કેટલાંક તત્વો આતંકી પ્રવૃત્તિ કે અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિના કરે અને બોર્ડર વિસ્તારમાંથી ઘૂસખોરી ના કરે તે માટે બીએસએફ જવાનો તથા ગરબાડા પોલીસ સ્ટાફ દ્વારા બોર્ડર પર સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.64

# પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો પૈકી ગોધરા, હાલોલ અને કાલોલ બેઠક ઉપર ઉમેદવારો રીપીટ નહિ થાય તેવી ચર્ચા

## ગોધરા વિધાનસભા બેઠક માટે નવા ચહેરાઓ દ્વારા લોબીંગ શરૂ કર્યું

**પંચમહાલ સમાચાર**/ગોધરા, ગુજરાત રાજ્ય વિધાનસભા ચુંટણીની જાહેરાત થતાં રાજકીય પક્ષો ઉમેદવારોની પસંદગીના કામે લાગ્યા છે. ભાજપ દ્વારા દાવેદારોની માંગણી ઉપર ચર્ચા શરૂ થતાં પંચમહાલ જીલ્લાની ગોધરા વિધાનસભા માટેના દાવેદારોમાં ઉત્સુકતા વધી છે. ગોધરા બેઠક માટે બીજેપી દ્વારા નવા ચહેરાને ટીકીટ આપશે તેવા વર્તાવ દેખાઈ રહ્યા છે. ત્યારે બીજેપીના દાવેદારો દ્વારા ટીકીટ મેળવવા માટે લોબીંગ શરૂ કર્યું છે.

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે ભાજપ દ્વારા સેન્સ લેવામાં આવ્યા હતા. જેમાં ગોધરા બેઠક માટે ૨૯ દાવેદારો સામે આવ્યા હતા. કાલોલ બેઠક માટે સૌથી વધુ ૫૨ ટીકીટ વાંચ્છુક દાવેદારો ઉમટી આવ્યા હતા. હાલોલ વિધાનસભા બેઠકમાં ભાજપમાં આંતરિક વિખવાદ સેન્સ માટે પહોંચેલ પ્રદેશ ભાજપના આગેવાનોની સામે આવ્યા હતા. હાલોલ બેઠક માટે ભાજપના ૧૯ ટીકીટ વાંચ્છુક દાવેદારોએ ટીકીટની માંગણી કરી છે. મોરવા(હ) બેઠક માટે ૧૬ દાવેદારો સાથે શહેરા બેઠક માટે અગાઉના સમયથી વિપરીત રીતે વિધાનસભા ટીકીટ માટે ૧૨ દાવેદારોએ પોતાની દાવેદારી કરી છે. બીજેપી પણ પંચમહાલ જીલ્લાની પાંચ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી માટે ચર્ચાઓ શરૂઆત થાય તે પહેલા બીજેપીની ટીકીટ મેળવીને ધારાસભ્ય બનવા માંગતા દાવેદારો પોતાની લોબીંગ શરૂ કરી છે. પંચમહાલ જીલ્લાની ગોધરા બેઠક, કાલોલ, હાલોલ બેઠક ઉપર ભાજપ નો–રીપીટ થીયેરી અપનાવીને નવા ચહેરાને ટીકીટ આપે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે ગોધરા વિધાનસભા બેઠક માટે જો નો–રીપીટ થીયેરી અપનાવવામાં આવે તો ગોધરા વિધાનસભા બેઠક માટે સી.કે. રાઉલજી, મેહુલ શાંતિલાલ પટેલ, રાજેન્દ્રસિંહ વજેસિંહ ચૌહાણ, ગોપાલભાઈ ધનશ્યામભાઈ પટેલ, સમરસિંહ છગનભાઈ પટેલના નામોની ચર્ચાઓ ચાલી રહી છે. આ વિધાનસભા બેઠકમાં યુવા મતદારોમાં વધારો થયો છે. ત્યારે યુવાઓ પણ પોતાના નેતા યુવા હોય તેવું વિચારી રહ્યા છે. ગોધરા વિધાનસભા બેઠક પર યુવા નેતા લાવવાનું જોર હાલ ગોધરામાં ચાલી રહ્યું છે. ત્યારે ગોધરાના મેહુલ શાંતિલાલ પટેલનું નામ યુવાનોમાં યુવા નેતા તરીકે જોર પકડી રહ્યું છે. કાલોલ બેઠક માટે ૫૨ દાવેદારો પૈકી કોની ઉપર પસંદગીનો કળશ ઢોળાઈ છે. તે જોવું રહ્યું. હાલોલ બેઠક માટે વર્તમાન ધારાસભ્ય અને તેમના પુત્રના નામની ચર્ચાઓ ચાલતી હતી પરંતુ ભાજપ દ્વારા પરિવારવાદને નાબુદ કરવાની વાત કરી રહ્યા છે. ત્યારે હાલોલ બેઠક નવા ચહેરાના મેદાનમાં ઉતારીને હાલોલ ભાજપમાં આંતરીક વિખવાદને દુર કરવામાં આવે તેવું ચર્ચાઈ રહ્યું છે.

# પંચમહાલ-મહિસાગર ફોરેસ્ટ વિભાગના ૮ રોજમદારોને ૧૭/૧૦/૮૮ના રોજ પરિપત્ર મુજબ લાભો આપવા હાઈકોર્ટનો આદેશ

ગોધરા, પંચમહાલ તથા મહીસાગર જિલ્લાના ફોરેસ્ટ વિભાગમાં રોજમદાર તરીકે ફરજ બજાવતા આઠ જેટલા કામદારોને સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબના લાભો સહિત વર્ષ ૨૦૦૫ પહેલા ફરજ માં હાજર થયા હોય તેઓને જૂની પેન્શન યોજના લાગુ પાડતા નામદાર ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ થી ફોરેસ્ટ વિભાગના પરિવારો કામદારોમાં આનંદની લાગણી પંચમહાલ તથા મહીસાગર જિલ્લામાં વર્ષોથી રોજમદાર તરીકે ફરજ બજાવતા ગલાભાઈ પટેલિયા, જેનદુભાઈ રાઠવા, સબુર ભાઈ નાયકા, ગલા પગી, બળવંતભાઈ હરિજન, લીલાબેન હરિજન તથા સ્વર્ગસ્થ કાળુભાઈ વાગડીયાના પુત્ર વિક્રમસિંહ તેમજ અમરસિંહ પ્રતાપસિંહ પરમાર ના વારસ પત્ની દિવાળીબેન તથા સુખાભાઈના વારસ પત્ની ચંપાબેન વિગેરે તેમની નોકરીના દરમિયાન પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરેલ હોવા છતાં તેઓને સરકારના જાહેર કરેલ તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના કોઈપણ પ્રકારના લાભો આપવામાં આવતા ન હતા અને તે બાબતે સરકાર ના અધિકારીઓએ વડી કચેરીને એ લાભો આપવા બાબતે કોઈ દરખાસ્ત પણ મોકલી આપેલ ન હતી. આ અરસા દરમ્યાન જણાવેલ કામદારોના ૬૦ વર્ષ પૂર્ણ થતા તેઓને નિવૃત્ત કરવામાં આવેલ નિવૃત્તિ સમયે તેઓને ફક્ત અધૂરી અને અપૂરતી ગ્રેજ્યુટી ચૂકવી નિવૃત્ત કરેલ નોકરીના અરસા દરમિયાન વારંવાર અધિકારીઓ સમક્ષ વારંવાર સરકારના પરિપત્ર મુજબના લાભો મેળવવા માટે રજૂઆતો કરેલ પરંતુ તેમની રજૂઆતો ધ્યાને લેવામાં આવેલ ન હતી જેને લઈ અરજદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈનો સંપર્ક કરી તેમને થયેલ અન્યાય બાબતે રજૂઆત કરતા ફેડરેશને લાગતા વળગતા અધિકારીઓને નોટિસ આપી આઠ કામદારોને સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબના લાભો આપવા તેમજ જે રોજમદાર વર્ષ ૨૦૦૫ પહેલા ફરજમાં હાજર થયા હોય તેવા રોજમદારોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે નોટિસ પાઠવેલ પરંતુ તે બાબતે સરકાર તરફથી કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો. જેને લઇ ફેડરેશને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ સી એ નંબર ૧૧૪૭૮/૨૨ દાખલ કરેલ હતી જે અરજી ચાલી જતા કેસમાં પડેલા પુરાવા તેમજ એડવોકેટ ડી આર દવેની દલીલો ધ્યાને લઈ તારીખ ૨૮/૯/૨૨ ના રોજ રોજમદાર કામદારોને સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબ તમામ લાભો આપવા તેમજ જે અરજદારોએ વર્ષ ૨૦૦૫ પહેલા નોકરીમાં જોડાયેલા હોય તેઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવાનો આખરી આદેશ ફરમાવેલ છે. આદેશથી ૮ કામદારો ઉપરાંત ફોરેસ્ટ વિભાગના ૨૦૦૫ વર્ષ પહેલા જે કામદારો રોજમદાર તરીકે ફરજ માં હાજર થયા હશે તેમને પણ જૂની પેન્શન યોજનાનો લાભ આપવાનો રહેશે આ આદેશથી આઠ કામદારો સહિત અન્ય ફોરેસ્ટ વિભાગમાં નોકરી કરતા રોજમદાર કામદારોને પણ જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા ના હકદાર બનશે. આમ, આ ૮ કામદારો ઉપરાંત ફોરેસ્ટ વિભાગના અન્ય કામદારને પણ જૂની પેન્શન યોજનાનો લાભ મળશે. આ આદેશથી ફોરેસ્ટ વિભાગના તમામ કામદારોમાં આનંદ છવાયો છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરામાં વિધાનસભાની ૨૦૨૨ ની ચુંટણીને અનુલક્ષી નગર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સી.આઈ.એસ.એફ.ના જવાનોની ચુંટણી લક્ષી ફ્લેગ માર્ચ નગર અને ગામ્ય વિસ્તારમાં નીકળી હતી. આ ફ્લેગ માર્ચ પોલીસ સ્ટેશન થી નીકળી હુસેની ચોક, હોળી ચકલા, મેઈન બજાર, બસ સ્ટેશન તેમજ સિંધી ચોકડી સહિત નગરના વિવિધ વિસ્તારોમાં ફરીને તાલુકાના ગ્રામીણ વિસ્તારોના માર્ગો પર ફ્લેગ માર્ચ યોજાતા, પ્રજામાં કુતુહલ અને આશ્વર્ય ફેલાયું હતુ.**

# વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે સંતરોડ પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપરથી પોલીસે દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો




**વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે મોરવા હડફના સંતરોડ પાસે પસાર થતા દાહોદ-ગોધરા હાઈવે માર્ગ ઉપરથી પોલીસે દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા ટ્રકના ચાલક અને કલીનરની પૂછપરછ શરૂ કરી દેવામાં આવી હતી. પકડી પાડેલ દારૂનો જથ્થો ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં પોલીસ દ્વારા તપાસના ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે. દારૂનો મોટો જથ્થો પોલીસે પકડી પાડતા બુટલેગરોમાં છુપી રીતે ફફડાટ ફેલાયો હતો.**

શહેરા, મોરવા હડફ ના સંતરોડ પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપરથી વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે પોલીસે એલ.પી. ટ્રક માંથી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો તેમજ એલ.પી ટ્રક સહિત કુલ મળીને રૂપિયા ૧૦,૬૪,૮૧૬ મુદ્દામાલ કબજે કરીને ટ્રકના ચાલક અને કલીનર સામે પ્રોહીબિશનની જુદી–જુદી કલમો મુજબ ગુનો નોંધીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.

મોરવા હડફ પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.કે. માલવિયા સહિતનો સ્ટાફ ગ્રામીણ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન તેમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, સંતરોડ પાસે પસાર થતાં હાઈવે માર્ગ ઉપરથી દારૂ ભરેલ ટ્રક દાહોદ થી ગોધરા તરફ જવાની છે. જેને લઈને પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.કે.માલવિયાએ સ્ટાફને સાથે રાખીને સંતરોડ ચેકપોસ્ટ પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપર વોચ ગોઠવીને આવતા જતા વાહનોની તપાસ કરી રહયા હતા. તે સમયે બાતમીના વર્ણનવાળી લાલ કલરની એલ.પી. ટ્રક નંબર RJ-27-GD-9164 આવતા તેને ઉભી રખાવી હતી. પોલીસ દ્વારા એલ.પી. ટ્રકના ચાલક તથા કલીનરને નીચે ઉતારીને ટ્રકમાં શું ભરેલ છે. તે અંગે પૂછપરછ કરતા ટ્રક ખાલી હોવાનું જણાવ્યું હતું. જોકે, પોલીસને મળેલ માહિતીના આધારે પોલીસ દ્વારા ટ્રકમાં ડ્રાઈવરની સીટની પાછળના ભાગે તપાસ કરતા પ્લાયવુડના પાટીયા મારેલ જોવા મળતા તે પાટિયા ખોલતા તેની અંદર બનાવેલ ચોર ખાના માંથી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.કે.માલવિયા દ્વારા દારૂ ના જથ્થા સાથે પકડી પાડેલ એલ.પી. ટ્રકને પોલીસ મથક ખાતે લાવીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે રૂા.૨,૫૮,૮૧૬ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો તેમજ એલ.પી. ટ્રક, મોબાઈલ મળીને કુલ રૂપિયા ૧૦,૬૪,૮૧૬ નો મુદ્દામાલ કબજે કરીને પોલીસે દારૂના જથ્થા સાથે પકડી પાડેલ નાથુરામ રામકરણ જાતે કંજર ઉમર વર્ષ ૩૨ રહેવાસી ગામ, કંદેડા શાહપુરા રોડ, તાલુકો–કેકડી જીલ્લો–અજમેર રાજસ્થાન, રામલાલ બાલાજી જાતે ડાંગી ઉંમર વર્ષ–૩૦ રહેવાસી ગામ–કંડોચા પ્રાથમિક શાળા પાસે વલ્લભનગર, જિલ્લો–ઉદેપુર રાજસ્થાનના વિરૂદ્ધ પ્રોહિબિશનની જુદી–જુદી કલમો હેઠળ ગુનો નોંધી કારયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ગોધરા ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઇ




ગોધરા, વિધાનસભાની સામાન્ય ચૂંટણી–૨૦૨૨ અન્વયે ગોધરા ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઇ હતી.બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, ચૂંટણી જાહેર થતાંની સાથે જ આદર્શ આચારસંહિતા અમલી બની છે. આદર્શ આચારસંહિતાના અમલીકરણ અંગે માહિતી આપી હતી. આ સાથે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તા અને નોડલ ઓફિસર ડી.આર.પટેલ દ્વારા જણાવ્યું હતું કે, ખર્ચ નિયંત્રણ અને આદર્શ આચારસંહિતાના અમલીકરણ માટે નોડલ અધિકારીની નિમણુંક કરવામાં આવી છે. તેમણે આદર્શ આચાર સંહિતાના અમલ અંગે, પેઈડ ન્યુઝ વિશે, ઉમેદવારી પત્રો ભરતી વખતે રજુ કરવાનું સોગંદનામુ અંગે, ઉમેદવારી પત્ર સાથે એફીડેવીટ રજુ કરવામાં આવે તે અંગે, ઉમેદવારના ચૂંટણી ખર્ચ–બેન્ક એકાઉન્ટ અંગે, ચૂંટણીના ચોપાનીયા કે ભીંતપત્રો વગેરેના છાપકામ અંગે તેમજ ઉમેદવારીપત્ર ભરવા અંગે અને ચૂંટણીલક્ષી જરૂરી પ્રક્રિયા વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ બેઠકમાં અધિક જિલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમા, નાયબ જિલ્લા ચુંટણી અધિકારી નેહા ગુપ્તા, પ્રાયોજના વહીવટદાર ડી.આર.પટેલ સહિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરા પોલીસ સ્ટેશનના લાંચ માગતા પકડાયેલ ASI વજેસિંહ શકરાભાઈ બારીઆની બે દિવસની પોલીસ કસ્ટડી મંજૂર કરતી સ્પેશિયલ LCB કોર્ટ

શહેરા, સમગ્ર પંચમહાલ જિલ્લાના પોલીસ બેડામાં ચકચાર જગાવનાર એવા લાંચ લેવાના કિસ્સામાં પકડાયેલ શહેરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ વજેસિંહ શકરાભાઈ બારીઆને આજરોજ એ.સી.બી.ના અધિકારી દ્વારા પંચમહાલ જિલ્લાના સ્પેશિયલ કોર્ટ એ.સી.બી જે.સી.દોશીની કોર્ટમાં રજુ કરવામાં આવેલા જ્યાં એ.સી.બી તરફથી આરોપી એ.એસ.આઈની પોલીસ કસ્ટડીની માંગણી કરવામાં આવતા નામદાર કોર્ટ દ્વારા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની દલીલોને દયાનમાં રાખીને આરોપી એ.એસ.આઈ.ની બે દિવસની પોલીસ કસ્ટડી મંજૂર કરી છે અને આ બનાવમાં બીજા કયા પોલીસ અધિકારીઓ સંડોવાયેલા છે, તે અંગે તપાસ થશે તેવું લાગી રહ્યું છે.

# શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ખેડૂતો દ્વારા ડાંગરના પાકની કાપણી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં ડાંગરના પાકની કાપણી શરૂ થતા ખેત મજુરોને રોજગારી મળી રહી છે. ખેડૂત અને ખેડૂતના પરિવાર ખેતરમાં ડાંગરને ઝૂડતા જોવા મળતા હોય છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહ્યા નથી.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં મૂખ્યત્વે ડાંગર અને મકાઈની ખેતી કરવામા આવે છે. ચોમાસાની સિઝન પુરી થતા હાલમાં ગ્રામીણ વિસ્તારોમાં ડાંગરની કાપણી શરૂ થતા ખેત મજુરોને પણ રોજગારી મળી રહી છે. ખેતરમાં ખેત મજૂરો સહિત ખેડુત અને તેમનો પરિવાર પણ ડાંગરની કાપણી કરતા જોવા મળી રહયા હતા. આ વર્ષે તાલુકામાં વરસાદ પડ્યો પણ તેની સમય અનુકુળતા પ્રમાણે પડ્યો હોવાને કારણે ડાંગરના પાકમાં ઉત્પાદન ઓછુ મળશે એવુ ખેડૂતો પાસેથી જાણવા મળ્યુ છે. ડાંગરના પાકની કાપણી બાદ ડાંગરને ઝુડવાની કામગીરી જોરશોરથી ચાલી રહી હતી. ડાંગરના સારા ભાવની આશા ખેડૂતો રાખી રહયા છે.



**અભિનવ ભારત પાર્ટીની ગોધરા ખાતે મીટિંગ મળી હતી. જેમાં અખિલ ભારત હિન્દુ મહાસભાના પ્રદેશનાં ઘણા બધા હોદ્દેદારો જીલ્લાના હોદ્દેદારો અને યુવા હોદ્દેદારો અભિનવ ભારત પાર્ટી સાથે આજે વિધિવત જોડાયા છે. જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ ચેતન શર્માજી રાષ્ટ્રીય મહામંત્રી સુધાકર ચતુર્વેદી ભોપાલના પ્રભારી તેમજ રાષ્ટ્રીય ટ્રેજરની ખાસ ઉપસ્થિત રહ્યા હતા.**

# ગોધરા સ્ટેશન રોડ ઉપર ધાર્મીક સંસ્થાની જમીનમાં ઉભા થયેલ કોમ્પ્લેક્ષના બાંધકામની તપાસ કરી બાંધકામ દુર કરાવાશે ખરું...?

ગોધરા, ગોધરા સીટી ટીકા નં.૨૨૮/૧/અ/વાળી મહાલક્ષ્મી માતા ટ્રસ્ટની જમીનો આપેલ અંક તા.૦૩/૧૧/૨૦૨૨ અંગે વધુ લઘુમતિ કોમના ઈસમો દ્વારા સીટી સર્વે નંબર ૨૨૮/૧/અ જેનો ક્ષેત્રફળ ૧૭૨૫–૭૭૭૬ વાળી જમીનોમાં કાયદા વિરૂદ્ધ તેમજ આ જમીનો ઉપર અશાંતધારો લાગુ હોવા છતાં તે પણ કાયદાનો ભંગ કરી કરાવવામાં આવી રહ્યો છે અને તત્કાલીક નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી દ્વારા અશાંતધારા હેઠળ અને પોલીસ અધિક્ષક ગોધરા સ્થળ સ્થાનિક અભિપ્રાયના કારણે નામંજુર કરતો હુકમ કરેલ છે. આમ, આ જમીનો ઉપર જે મહાલક્ષ્મી માતાની (દાન અને ટ્રસ્ટ)ની મિલ્કતો મોટા મોટા કોમ્પ્લેકસો બનાવી એક બીજાઓને ગેરકાયદેસર દસ્તાવેજો કરી આપેલ છે અને તે વેચાણોની નોંધો જોતા સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ ગોધરા હિન્દુ કોમના અધિકારી નં.(૧) રમેશચંદ્ર મગનલાલ બારીયા, (૨) સરફરાજ ગુલામ હુસૈન શેખ, (૩) રમણભાઈ હરમણભાઈ વાઘેલા એ મહાલક્ષ્મી માતાની ટ્રસ્ટની મિલ્કતો નોંધ પાડતા પહેલા તથા ચેરીટી કમિશ્નરના હુકમો જોવા વગર નોંધો મંજુર કરી કરાવેલ છે અને તેમાં અશાંતધારાનો કાયદો અમલમાં હોવા છતાં આ કર્મચારી અધિકારીઓ દ્વારા વહીવટીનાતે ગેરકાયદેસરની મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ ગેરરીતિઓ આચરેલ છે. જેથી ધાર્મિક મિલ્કતો ઉપર તરાપ મારનાર સામે ખાતાકીય તપાસ કરવા હિન્દુ સમાજની માંગો છે. કોઈપણ ધાર્મિક જમીનોમાં વારસાઈ કરવાની જોગવાઈઓ નથી. તેમ છતાં આ મિલ્કતો ઉપર ખોટી ખોટી કાયદા વિરૂદ્ધ વારસાઈ કરી કરાવી ધાર્મિક જમીનોમાં દસ્તાવેજો બનાવી ટ્રસ્ટની જમીનો વેચાણ કરી નાખેલ છે. આમ, આ મિલ્કતો ઉપર વારસાઈની કોઇ જોગવાઈઓ નહી હોવા છતાં ખોટી કાયદા વિરૂદ્ધ ગેરકાયદેસર વારસાઈના આધારે વેચાણ દસ્તાવેજો (૧) હિન્દુ સમાજના વર્ષાબેન વસંતકુમાર ભગત, (૨) સીદ્દીક યુસુફ છુગા, (૩) ઈલ્યાસ એહમદ સીંધી તેમના વારસોના નામે કુલમુખ્તયાર વેચાણ દસ્તાવેજો કરી અને મોટા મોટા (મહાલક્ષ્મી માતા)ની ટ્રસ્ટની જમીનો ઉપર કોમ્પ્લેકસો બનાવી ગેરરીતિઓ કરી કરાવવામાં આવેલ છે. જેથી આ મિલ્કત ઉપર ચેરેટી કમિશ્નર કોર્ટનો કાયદા તથા અશાંતધારો લાગુ પડેલ છે. આવા ઈસમો સામે યોગ્ય કાયદેસરની કાયદાકીય કાર્યવાહી થાય તેવી હિન્દુ સમાજની પોતાની ધાર્મિક મિલ્કતો પાછી મળે તેવી માંગો ઉઠવા પામેલ છે.

આ ધાર્મિક જમીનોમાં ગુજરાત સરકાર આઈ.એ.એસ. કેડરના અધિકારીઓને મહેસુલ વિભાગ ગાંધીનગર દ્વારા સ્પષ્ટ સુચનાઓ આદેશો આપવામાં આવેલ વિગતો આ બાબતે છે. વાય.એમ.શુકલ ચેરીટી કમિશ્નર ગુજરાત રાજ્ય, અમદાવાદ જાવક નંબર ૧૧૨૦૯/૨૦૧૯ તા. ૧૨/૦૭/૨૦૧૯ બાબતે મહેસુલ વિભાગ પરિપત્ર ક્રમાંક એસ/૩૦/૨૨૦૭/૩૩૪૭/ગ થી ધાર્મિક અને સખાવતી સંસ્થાઓને ગણવાના થાય છે અને જે તે ટ્રસ્ટની સ્થાવર મિલ્કતોના કબ્જેદાર જે તે ટ્રસ્ટ હોવાથી તેઓના રેવન્યુ રેકર્ડમાં નામ અને નોંધણી નંબર દર્શાવવામાં આવે તો સંસ્થાના (ટ્રસ્ટીઓ, પુજારીઓ કે તેઓના વારસદારો) બિનજરૂરી વિવાદો ઉભા ન કરે તે માટે આપશ્રી તાબાના મહેસુલી અધિકારીઓ (મામલતદાર, પ્રાંત અધિકારી, તલાટી મંત્રી) સદર પત્ર મુજબની સંસ્થા ટ્રસ્ટના રેવન્યુ રેકર્ડમાં મિલ્કતના વહીવટકર્તા તરીકે ટ્રસ્ટીના કે વારસદારોના નામ દાખલ કરવામાં આવેલ હોય તો તેઓના નામે રદ કરી માત્ર ટ્રસ્ટનું નામ અને ટ્રસ્ટનો નોંધણી નંબર દર્શાવવામાં આવે તેવી સુચનાઓ આપવામાં આવેલ છે. જેથી મહાલક્ષ્મી માતાની ટ્રસ્ટની મિલ્કતો ઉપર જીલ્લા પંચમહાલ કલેકટર ગોધરાના તમામ અધિકારીઓ તેમના પોતાના બને છે. જેથી આ તમામ મહાલક્ષ્મી માતાની ટ્રસ્ટની મિલ્કતો ઉપર ખોટી કાયદા વિરૂદ્ધની વારસાઈઓ કરી કરાવી મુખ્ય ગોધરા રેલ્વે સ્ટેશનની સામે આવેલ મિલ્કતો ઉપર કરેલ વેચાણ વ્યવહારો ગેરકાયદેસર મહેસુલી અધિકારીઓ એ કરેલ મુળ થી નાબૂદ થાય અને ટ્રસ્ટનું નામ તથા નોંધણી નંબર દર્શાવવામાં આવે તેવી ધાર્મિક મિલ્કતોની માંગો છે. જે તમામ સત્તા કલેકટર પંચમહાલ ગોધરા સેવાભાવિ વહીવટદારની બને છે. તેમ વધુ ધાર્મિક જમીનો તપાસ કરી કરાવી યોગ્ય નોંધણી નંબર સાથે ટ્રસ્ટોનું નામ દાખલ થાય તે પણ જરૂરી છે. આમ, ગોધરાના સીટી ટીકા નં.૧૪/૨૨૮ વાળી મિલ્કતો કાયદા વિરૂદ્ધનું ગેરકાયદેસર વેચાણ કરેલ સામે યોગ્ય કાયદેસર જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા કરે અને તત્કાલીક રેવન્યુ રાહે પડેલ નોંધો નામંજુર કરી કરાવી મહાલક્ષ્મી માતાના ટ્રસ્ટ તથા નોંધણી નંબર દર્શાવવા કાયદેસરની હિન્દુ સંગઠનની માંગો ઉઠવા પામેલ છે અને આ મિલ્કતો ઉપર તત્કાલીક કોઈપણ જાતનો ફેરફાર ના કરે કરાવે તેવો મનાઈ હુકમ કરી યોગ્ય કાર્યવાહી કરી કરાવી વિનંતી લાગતા વળગતા વિભાગોની જરૂરી સુચનાઓ આપી અપાવી જવા સારૂં..